CMYK CMYK

RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર દૈનિક, ભકિતનગર રેલ્વે સ્ટેશન સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ, રાજકોટ.
Email: nutanpress@yahoo.com, snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ ૦૨૮૧-૨૪૬૬૭૭૨ ૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ ૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ ૯૪૦૮૯૯૧૪૪૯

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક–૧૧૦, અંકઃ ૧૩૦, વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ (૯), ગુરૂવાર તા.૨૩–૦૧–૨૦૨૫, પાના– ૮, કિંમત રૂા.૧–૫૦ પૈસા

# શેરબજારમાં રિકવરીઃ સેન્સેક્સ ૬૦૦ પોઈન્ટ સુધર્યો


મુંબઈ, તા.૨૨

ભારતીય શેર બજાર કારોબારી સપ્તાહના ત્રીજા દિવસે લીલા નિશાન પર બંધ થયુ છે. એચડીએફસી બેંકના ત્રિમાસિક પરિણામો પછી શેરબજારમાં તીવ્ર ઉછાળો આવ્યો છે, સેન્સેક્સ ૫૬૬ પોઈન્ટ વધ્યો જ્યારે નિફ્ટી ૨૩,૧૫૫ પર બંધ થયો છે.

ટ્રેડિંગ સપ્તાહના ત્રીજા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં વધારા સાથે બંધ થયું. બીએસઈ પર સેન્સેક્સ ૫૬૬ પોઈન્ટના ઉછાળા સાથે ૭૬,૪૫૨.૯૩ પર બંધ થયો. તેમ જ એનએસઈ પર નિફ્ટી ૦.૫૭ ટકાના વધારા સાથે ૨૩,૧૫૫.૩૫ પર બંધ થયો છે.

આજના ટ્રેડિંગ દરમિયાન નિફ્ટીમાં ટોચના ગેઈનર્સની યાદીમાં ઈન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો, ટેક મહિન્દ્રા, સન ફાર્માના શેરનો સમાવેશ થયો હતો. જ્યારે ભારત ઈલેક્ટ્રોનિક્સ, ટાટા મોટર્સ, ટ્રેન્ટ, અદાણી એન્ટરપ્રાઈઝ, એસબીઆઈના શેર ટોચના ઘટાડાવાળા શેરોની યાદીમાં સામેલ હતા.

આજે આઈટી સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં ટ્રેડ થયા હતા. રિયલ્ટી ઈન્ડેક્સમાં ૪ ટકાનો ઘટાડો થયો છે. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો ૨ ટકાથી વધુ ઘટ્યા જ્યારે નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો ૧.૫ ટકા ઘટ્યા છે. પાછલા સત્રના ઘટાડા બાદ સૂચકાંકો સાત મહિનાના નીચલા સ્તરે પહોંચ્યા બાદ રોકાણકારો સાવધાનીપૂર્વક



પાછા ફર્યા હોવાથી આજે સેન્સેક્સ અને નિફ્ટીમાં વધારો થયો હતો.બુધવારે ભારતીય રૂપિયો ૨૫ પૈસા વધીને ૮૬.૩૩ પ્રતિ ડોલર પર બંધ થયો હતો, જ્યારે મંગળવારે તે ૮૬.૫૮ પ્રતિ ડોલર પર બંધ થયો હતો.

ટ્રેડિંગ સપ્તાહના ત્રીજા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં ખુલ્યું. બીએસઈ પર સેન્સેક્સ ૨૪૯ પોઈન્ટના વધારા સાથે ૭૬,૧૦૯.૨૫ પર ખુલ્યો. તેમ જ એનએસઈ પર નિફ્ટી ૦.૩૮ ટકાના ઉછાળા સાથે ૨૩,૧૧૧.૩૫ પર ખુલ્યો હતો.

ભારતીય શેરબજાર ગઈકાલે મોટા કડાકા સાથે સાત માસના તળિયે નોંધાયા બાદ આજે સુધર્યા છે. આઈટી અને ટેક્નોલોજી શેરોમાં મોટાપાયે લેવાલીના પગલે સેન્સેક્સ ઈન્ટ્રા ડે ૬૨૪.૭૭ પોઈન્ટ ઉછળ્યો હતો. જે અંતે ૫૬૬.૬૩ પોઈન્ટ ઉછળી ૭૬૪૦૪.૯૯ પર અને નિફ્ટી ૧૩૦.૭૦ પોઈન્ટ ઉછળી ૨૩૧૫૫.૩૫ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સ પેકમાં સામેલ આઈટી શેર ઈન્ફોસિસ ૩.૧૭ ટકા, ટીસીએસ ૨.૮૯ ટકા અને ટેક મહિન્દ્રા ૨.૨૮ ટકા ઉછળા સાથે બંધ રહ્યો હતો. એચસીએલ ટેક. ૧.૩૫ ટકા ઉછળ્યો હતો. આઈટી સેગમેન્ટના અમુક શેરોમાં આકર્ષક ખરીદીના પગલે ઈન્ડેક્સ ૧.૮૮ ટકા ઉછળ્યો હતો. જો કે, આઈટી ઈન્ડેક્સમાં સામેલ ૨૦ શેરમાં સુધારો અને ૩૬ શેરમાં ઘટાડો નોંધાયો હતો.

બીએસઈ ખાતે આજે કુલ ટ્રેડેડ ૪૦૫૯ શેર પૈકી ૧૧૫૯ શેર સુધર્યા હતા, જ્યારે ૨૭૮૬ શેર ઘટાડે બંધ રહ્યા હતા.

૮૧ શેર વર્ષની ટોચે અને ૧૫૫ શેર વર્ષના તળિયે પહોંચ્યા હતા. આ સિવાય ૩૧૩ શેરમાં લોઅર સર્કિટ અને ૧૮૨ શેરમાં અપર સર્કિટ નોંધાઈ હતી. જે માર્કેટ બ્રેડ્થ નેગેટિવ રહેવા સાથે સાવચેતીનું વલણ રાખવા સંકેત આપે છે.

શેરબજારમાં આજે સ્મોલકેપ શેરોમાં ૧૫ ટકા સુધીનું ગાબડું જોવા મળ્યું હતું. બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં લિસ્ટેડ ૯૩૭ સ્ક્રિપ્સ પૈકી ૭૬૧માં મોટા કડાકા સાથે ઈન્ડેક્સ ૮૦૭.૮૬ પોઈન્ટ તૂટ્યો હતો. બીજી તરફ રિયાલ્ટી શેરોમાં મંદીનુ જોર વધ્યું છે. લોધા ડેવલપર્સ ૫.૮૫ ટકા, ગોદરેજ પ્રોપર્ટીઝ ૫.૧૮ ટકા, ઓબેરોય રિયાલ્ટી ૫.૦૦ ટકા તૂટ્યો છે. છેલ્લા ત્રણથી ચાર ટ્રેડિંગ સેશનમાં રિયાલ્ટી શેરો સતત તૂટી રહ્યા છે.

એનર્જી, મેટલ, અને પીએસયુ શેરોમાં પ્રોફિટ બુકિંગના પગલે સેન્ટિમેન્ટ ખરડાયા હતા. એફઆઈઆઈની સતત વેચવાલી તેમજ આર્થિક મંદીની ભીતિ વચ્ચે રોકાણકારો સાવચેત બન્યા છે. રોકાણકારો ટ્રમ્પની નીતિ અને આગામી બજેટમાં રજૂ થનારી જાહેરાતો મુદ્દે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે.

## હસીનાને ભારતથી પરત લાવવા તમામ પ્રયાસો કરીશું: બાંગ્લાદેશ

ઢાકા, તા.૨૨

ભારતને ધમકીભર્યા સૂરમાં બાંગ્લાદેશની વચગાળાની સરકારે જણાવ્યું હતું કે તે પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાને ભારતમાંથી પરત લાવવાના તમામ પ્રયાસો ચાલુ રાખશે અને જો જરૂર પડશે તો આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપની માંગ કરશે. કાયદા સલાહકાર આસિફ નઝરુલે ઢાકામાં સચિવાલય ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે જો નવી દિલ્હી હસીનાને પરત કરવાનો ઈનકાર કરે કરશે તો તે બાંગ્લાદેશ અને ભારત વચ્ચેની પ્રત્યાર્પણ સંધિનું ઉલ્લંઘન હશે. અમે પ્રત્યાર્પણ માટે પત્ર લખ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો ભારત ઈનકાર કરશે તો વિદેશી બાબતોનું મંત્રાલય આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ આ મુદ્દો ઉઠાવવા માટે જરૂરી પગલાં લેશે. વિદેશ મંત્રાલય પણ પ્રયાસો કરી રહ્યું છે અને રેડ એલર્ટ જારી કરાયો છે. અમે અમારાથી બનતા તમામ કરી રહ્યા છીએ. સરકાર શેખ હસીનાને પરત લાવવાના તમામ પ્રયાસો ચાલુ રાખશે. જો જરૂર પડશે તો આંતરરાષ્ટ્રીય સમર્થન મેળવવામાં આવશે. બાંગ્લાદેશમાં ૫ ઓગસ્ટે ઉગ્ર વિરોધ પ્રદર્શનને પગલે શેખ હસીના ભારતમાં ભાગીને આવ્યા હતાં. આ પછીથી તેઓ ભારતમાં રહે છે. બાંગ્લાદેશના



ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલએ હસીના અને કેટલાક ભૂતપૂર્વ કેબિનેટ મંત્રીઓ, સલાહકારો અને લશ્કરી અને નાગરિક અધિકારીઓ માટે માનવતા અને નરસંહાર વિરુદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યા છે.

### કેબિનેટ મંત્રીઓ સાથે કરી પૂજા-અર્ચના

## મુખ્યમંત્રી યોગીએ ત્રિવેણી સંગમમાં કર્યું શાહી સ્નાન

પ્રયાગરાજ, તા.૨૨

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે ૨૨ જાન્યુઆરી બુધવારે પોતાના કેબિનેટ મંત્રીઓની સાથે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી. યુપી સરકારના મંત્રીઓનો ગંગા સ્નાનનો વીડિયો પણ સામે આવ્યો છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પ્રયાગરાજમાં મહાકુંભ ૨૦૨૫માં એક વિશેષ કેબિનેટ બેઠકની અધ્યક્ષતા કરી. યુપીના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું કે અહીં આજે કેબિનેટની બેઠક થઈ છે જેમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. આજે પવિત્ર સંગમમાં સ્નાન કરીને હું ગંગા અને યમુનાને પ્રણામ કરું છું... અખિલેશ યાદવજીને માનસિક અને દ્રષ્ટિ દોષ થઈ ગયો છે. તેની સારી રીતે સારવાર કરાવો. કુંભના સમયે આવા નિવેદન આપવા, અહીં રાજકારણ કરવું ખૂબ ખરાબ વાત છે. હું પ્રાર્થના કરીશ કે ભગવાન તેમને સદ્‌બુદ્ધિ આપે. પ્રયાગરાજ મહાકુંભમાં યુપી કેબિનેટની બેઠક બાદ સીએમ યોગીએ ઘણી મોટી જાહેરાતો કરી છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં ત્રણ નવી મેડિકલ કોલેજ બનાવવાની જાહેરાત કરી અને કહ્યું કે પ્રદેશમાં રોકાણના પણ ઘણા પ્રસ્તાવ આવ્યા છે. આ દરમિયાન પ્રયાગરાજ,



વારાણસી અને આગ્રાને મોટી ભેટ આપી છે.

સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે મહાકુંભમાં અત્યાર સુધી ૯.૧૫ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમમાં આસ્થાની ડુબકી લગાવી છે. સમગ્ર મંત્રી પરિષદ તરફથી મહાકુંભમાં આવતાં તમામ ભક્તો શ્રદ્ધાળુઓનું સ્વાગત છે. આજની બેઠકમાં ઘણા મુદ્દા પર ચર્ચા થઈ. પ્રદેશના વિકાસ સાથે જોડાયેલા નીતિગત નિર્ણય થયા છે. તેમાં ત્રણ જિલ્લામાં મેડિકલ કોલેજ બનાવવા પર મોહર લગાવાઈ છે. જે હેઠળ બાગપત, હાથરસ અને કાસગંજમાં મેડિકલ કોલેજ બનાવવામાં આવશે.

ઉત્તર પ્રદેશની એરોસ્પેસ અને ડિફેન્સ સંબંધિત પોલિસીને ૫ વર્ષ પૂરા થઈ ચૂક્યા છે. જે બાદ હવે આને નવી રીતે બનાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. એફડીઆઈ અંતર્ગત જે રોકાણ થયું છે તેમાં ઈન્સેન્ટિવ આપવાનું કામ કરવામાં આવશે. યુવાનોને સ્માર્ટફોન અને ટેબલેટ આપવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રયાગરાજ અત્યારે વૈશ્વિક મંચ પર છવાયેલું નજર આવી રહ્યું છે. પ્રયાગરાજ, વારાણસી અને આગ્રાના મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ત્રણેયનું બોન્ડ જાહેર થશે. અત્યાર સુધી લખનૌ અને ગાઝિયાબાદનો બોન્ડ જાહેર થયો હતો. તેના સારા રિઝલ્ટ આવ્યા હતાં. સીએમ યોગીએ આગળ કહ્યું કે લખનૌમાં સ્ટેટ કેપિટલ રીજન લખનૌ અને તેની આસપાસના જિલ્લાને મળીને વિકાસના આવા જ પ્રયાગરાજ અને ચિત્રકૂટને મળીને એક ડેવલપમેન્ટ રીજન બનાવીશું. તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જે મહત્ત્વપૂર્ણ હશે તે એક ગંગા એક્સપ્રેસવેનું એક્સટેન્શન અમે લોકો આપીશું.

### આગની અફવાથી લોકો ટ્રેનમાંથી કૂદી પડ્યા

## મહારાષ્ટ્રમાં પુષ્પક એક્સપ્રેસમાંથી ઉતરેલા મુસાફરોને કર્ણાટક એક્સપ્રેસે કચડ્યાં, ૧૧ના મોત



જલગાંવ તા.૨૨:

મહારાષ્ટ્રના જલગાંવના પરાંડા રેલ્વે સ્ટેશન નજીક એક મોટો અકસ્માત થયો છે. અહીં પુષ્પક એક્સપ્રેસમાંથી ઉતરેલા અનેક મુસાફરોને કર્ણાટક એક્સપ્રેસે કચડી નાખ્યા હતા. મળતી માહિતી મુજબ, પુષ્પક એક્સપ્રેસમાં આગ લાગી હોવાની અફવા ફેલાઈ હતી. આ પછી ઘણા લોકોએ ટ્રેનમાંથી કૂદી પડ્યા હતા. ત્યારે બીજા ટ્રેક પરથી આવતી કર્ણાટક એક્સપ્રેસે અનેક મુસાફરોને કચડી નાખ્યા હતા. પુષ્પક એક્સપ્રેસ લખનઉથી મુંબઈ જઈ રહી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ૪ બોગીમાં સ્પાર્કિંગ થતાં પુષ્પક એક્સપ્રેસને રોકી દેવામાં આવી હતી. આ દરમિયાન, એક અફવા ફેલાઈ ગઈ કે ટ્રેનમાં આગ લાગી હોવાથી તેને રોકવામાં આવી છે. લોકો ઝડપથી ટ્રેનમાંથી કૂદી પડ્યા અને પાટા પર આવી ગયા. તે જ સમયે, મનમાડથી ભુસાવલ જતી કર્ણાટક એક્સપ્રેસ બીજા ટ્રેક પરથી પસાર થઈ ગઈ. આ મુસાફરો કર્ણાટક એક્સપ્રેસ દ્વારા કચડાઈ ગયા હતા. આમાં ૧૧ લોકોના મોત થયા.

## કાચા શણના MSPમાં ૬% વધારો કરવા નિર્ણય લેવાયો

નવી દિલ્હી, તા.૨૨

મોદી સરકારે સૌપ્રથમ સરકારી કર્મચારીઓને આઠમાં પગાર પંચની ભેટ આપી હતી. હવે સરકારે ખેડૂતોને ભેટ આપી છે. સરકારી કર્મચારીઓ પછી, હવે ખેડૂતોને પણ રાહત થશે. બુધવારે મોદી કેબિનેટે આ સંદર્ભમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે, આજે પીએમ મોદીના નેતૃત્વમાં કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ખેડૂતો અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકારે કાચા શણના MSPમાં લગભગ ૬% વધારો કરવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કેબિનેટ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, 'વર્ષ ૨૦૨૫-૨૬ માટે કાચા શણના MSPમાં લગભગ ૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ કિંમત કરતાં ૬૭ ટકા વધુ છે. ગયા વર્ષ કરતાં આ ૩૧૫ રૂપિયા વધુ છે. ૨૦૨૫ થી ૨૦૨૬ ના સત્ર માટે કાચા શણનો ભાવ પ્રતિ ક્વિન્ટલ ૫૬૫૦ રૂપિયા રહેશે. તેમણે કહ્યું કે, મોદી સરકારે શણના વપરાશ માટે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આનાથી ખેડૂતોને ફાયદો થશે.

મોદી કેબિનેટના અન્ય નિર્ણયો

આ બેઠકમાં ૨૦૨૫-૨૬ સીઝન માટે (કાચા શણ) ના લઘુત્તમ ટેકાના ભાવ (MSP) માં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય આરોગ્ય મિશનને ૨૦૨૫ અને ૨૦૨૬ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

દેશભરમાં આયુષ્માન આરોગ્ય મંદિર કેન્દ્રો ખુલી ગયા છે. ૧ લાખ ૭૨ હજાર કેન્દ્રો ખોલવામાં આવ્યા છે.

અત્યાર સુધીમાં ૪.૫ લાખ લોકોએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય ડાયાલિસિસનો લાભ લીધો છે.

ગયા અઠવાડિયે કેન્દ્રીય કર્મચારીઓને ભેટ મળી

ગુરુવારે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય કર્મચારીઓના પગાર અને પેન્શનરોના ભથ્થામાં સુધારો કરવા માટે આઠમા પગાર પંચની રચનાને મંજૂરી આપી હતી. આ પગલાથી લગભગ ૫૦ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને લગભગ ૬૫ લાખ પેન્શનરોને ફાયદો થશે. ઉલ્લેખનીય છે કે, સાતમા પગાર પંચની રચના ૨૦૧૪માં કરવામાં આવી હતી. તેની ભલામણો ૧ જાન્યુઆરી, ૨૦૧૬ થી લાગુ કરવામાં આવી હતી.

### ઉદ્યોગોની સાઠગાંઠ તોડવા ફાઈબર-રિઈનફોર્સ્ડ પ્લાસ્ટિક એક સારો વિકલ્પ

## સ્ટીલ, સિમેન્ટ ઉદ્યોગોની કાર્ટેલ દેશ માટે મોટી સમસ્યા: ગડકરી

મુંબઈ, તા.૨૨

સ્ટીલ અને સિમેન્ટ ઉદ્યોગની આકરી ટીકા કરતાં કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ મંગળવારે જણાવ્યું હતું કે આ બંને ઉદ્યોગોની 'કાર્ટેલ' (સાંઠગાંઠ) દેશ અને તેના માળખાકીય વિકાસ માટે મોટી સમસ્યા છે. આ બંને ક્ષેત્રો દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે મહત્ત્વના છે અને બંને ક્ષેત્રોમાં ગણ્યાગાંઠ્યા ખેલાડીઓ છે. આ ક્ષેત્રોની કંપનીઓ વચ્ચે સાંઠગાંઠ છે. મુંબઈમાં IECRP 2025 એક્ઝિબિશનમાં ગડકરીએ જણાવ્યું હતું કે સ્ટીલ અને સિમેન્ટ ઉદ્યોગો માત્ર થોડા લોકોના હાથમાં છે.




તેઓ હંમેશા ભાવ નક્કી કરે છે. તેમનું કાર્ટેલ દેશ માટે એક મોટી સમસ્યા છે. સ્ટીલ અને સિમેન્ટ કંપનીઓની પકડ તોડવા માટે ફાઈબર-રિઈનફોર્સ્ડ પ્લાસ્ટિક (FRP) એક સારો વિકલ્પ બની શકે છે અને તે શક્ય તેટલી મદદ કરી શકે છે. વૈકલ્પિક મટેરિયલ બનાવવું તે તમને ટેકો આપવા માટેનો મારો મહત્વપૂર્ણ રસ છે. તેમણે જણાવ્યું હતું કે FRP કંપનીઓએ યોગ્ય કાચો માલ શોધીને તેમના સંશોધન અને વિકાસ (આર એન્ડ ડી)માં રોકાણ કરવું પડશે અને આ ક્ષેત્ર સારું કામ કરી શકે તે માટે સ્થાનિક સ્તરે ઉત્પાદન કરવું પડશે. FRPનો ઉપયોગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એવિએશન, શિપિંગ, રોડ બિલ્ડિંગ અને મેટ્રો રેલ જેવા અનેક ક્ષેત્રોમાં થઈ શકે છે.FRP ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓને તેમણે જણાવ્યું હતું કે જો તમે સ્ટીલની સરખામણીમાં રેટમાં 20થી 25 ટકા ઘટાડો કરી શકો તો તે દેશ માટે ખરેખર ઘણી જ સારી બાબત હશે.ગડકરીએ એમ પણ કહ્યું હતું કે તેઓ હાઈડ્રોજનના ઉત્પાદનની કિંમતને હાલના રૂ. 300થી ઘટાડીને પ્રતિ કિલો એક ડોલર કરવા માંગે છે અને આ સિદ્ધિ મેળવવાથી ભારત ઊર્જાનો ચોખ્ખો નિકાસકાર દેશ બની શકે છે.તેઓ આગામી પાંચ વર્ષમાં વર્તમાન ત્રીજા સ્થાનેથી ભારતને વૈશ્વિક સ્તરે સૌથી મોટા ઓટો હબ બનાવવા ઈચ્છે છે.

### NDAને આપ્યો ઝટકો

## મણિપુરમાં નીતિશ કુમારની JDUએ ભાજપને આપેલો ટેકો પાછો ખેંચ્યો

પટણા, તા.૨૨

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની પાર્ટી જેડીયુએ ભાજપને ઝટકો આપ્યો છે. JDU એ ઉત્તરપૂર્વીય રાજ્ય મણિપુરમાં ભાજપ સરકારમાંથી ટેકો પાછો ખેંચી લીધો છે. ૬૦ બેઠકોવાળી વિધાનસભામાં, ભાજપ પાસે ૩૨ બેઠકો હતી, જે બહુમતી કરતા ઘણી વધારે હતી, પરંતુ ૬ બેઠકો ધરાવતું જેડીયુ પણ તેની સાથે હતું. પરંતુ હવે નીતિશ કુમારની પાર્ટીએ ભાજપ સરકારથી અલગ થવાનો નિર્ણય લીધો છે. મણિપુરમાં ભાજપ માટે આ એક મોટો ઝટકો છે, જે છેલ્લા બે વર્ષથી ઉથલપાથલનો સામનો કરી રહ્યું છે અને કાયદો અને વ્યવસ્થાને લઈને પહેલાથી જ વિપક્ષના દબાણનો સામનો કરી રહ્યું છે. રાજ્યમાં ભાજપ ૩૨ બેઠકો સાથે પોતાના દમ પર સત્તામાં છે, જ્યારે NPF પાસે ૫ અને NPP પાસે ૭ બેઠકો છે. મણિપુર વિધાનસભા ચૂંટણીમાં જેડીયુને અણધારી રીતે ૬ બેઠકો મળી. અહીં કોંગ્રેસ પાસે ૫ બેઠકો છે, જ્યારે કેપીએ પાસે ૨



ધારાસભ્યો છે. જેડીયુ દ્વારા ટેકો પાછો ખેંચવાથી ભાજપ સરકાર માટે કોઈ ખતરો નથી, પરંતુ આ નિર્ણયના દૂરગામી પરિણામો આવશે. તેનો અર્થ ખાસ કરીને દિલ્હીથી પટના સુધી અર્થઘટન કરવામાં આવશે. આ વર્ષે ઓક્ટોબરની આસપાસ બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. આવી સ્થિતિમાં, નીતિશની પાર્ટીના આ નિર્ણયને ભાજપ પર સીટ વહેંચણી માટે દબાણ બનાવવાની રણનીતિ તરીકે પણ જોવામાં આવી રહ્યું છે. મણિપુરમાં એન. બીરેન સિંહ ભાજપના મુખ્યમંત્રી છે, જેમના પર હિંસા પર કાબુ ન કરી શકવાનો આરોપ છે. વિપક્ષ તરફથી તેમને હટાવવાની સતત માંગણીઓ કરવામાં આવી રહી છે, પરંતુ ભાજપે તેમને મુખ્યમંત્રી તરીકે જાળવી રાખ્યા છે. રાજ્યમાં કુકી અને મેઈતેઈ સમુદાયના લોકો વચ્ચે હિંસક અથડામણનો સમયગાળો ઘણા સમયથી ચાલી રહ્યો છે. ગુવાહાટી હાઈકોર્ટે મેઈતેઈ સમુદાયને આદિવાસી વિસ્તારોમાં સ્થાયી થવાની મંજૂરી આપ્યા બાદ વિવાદ ફાટી નીકળ્યો હતો.

CMYK CMYK

શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

# વિપક્ષ સમય સાથે બદલાવાનો ઈનકાર કરે છે

દેશમાં વિપક્ષી છાવણી ભાગ્યે જ આટલી દિશાહીન અને જવાબદારી પ્રત્યે એટલી ઉદાસીન રહી હશે જેટલી હાલમાં છે. વિપક્ષની દયનીય સ્થિતિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં, કોઈપણ વિપક્ષી પક્ષને ઔપચારિક રીતે વિપક્ષના નેતાનું પદ સંભાળવા માટે પૂરતી બેઠકો પણ મળી ન હતી.

છેલ્લી સામાન્ય ચૂંટણીઓમાં વિપક્ષની સ્થિતિમાં ચોક્કસપણે થોડો સુધારો થયો હતો, પરંતુ એવું લાગતું નથી કે વિપક્ષી નેતાઓએ તેમાંથી કોઈ પાઠ શીખ્યો છે. જો એવું હોત, તો વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એવું ન કહ્યું હોત કે તેઓ માત્ર મોદી સરકાર જ નહીં પરંતુ ભારતીય રાજ્ય સામે પણ લડી રહ્યા છે. આ તેમની રાજકીય અપરિપક્વતા તેમજ મોદી પ્રત્યેનો તેમનો આંધળો વિરોધ છતી કરે છે.

લોકશાહીમાં, વિપક્ષની ભૂમિકા સરકારનો રચનાત્મક વિરોધ કરવાની અને સરકારી નીતિઓનું નિરીક્ષણ કરવાની અને તેને જનતા માટે ઉપયોગી બનાવવાની હોય છે, પરંતુ વર્તમાન વિપક્ષે સરકારનો આંધળો વિરોધ કરવાનો માર્ગ અપનાવ્યો છે અને તેના ભારતીય રાજ્ય વિરુદ્ધ ઝુંબેશ શરૂ કરવાની હદ સુધી. આશ્ચર્યની વાત નથી કે વિરોધ પક્ષો તેમની સુસંગતતા ગુમાવી રહ્યા છે.

લોકસભા ચૂંટણી પછી યોજાયેલી વિધાનસભા ચૂંટણીઓથી પણ આ સ્પષ્ટ થઈ ગયું છે. લોકસભા ચૂંટણીમાં ભાજપને ચોક્કસપણે કેટલીક તાત્કાલિક નિષ્ફળતાઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેણે તેમાંથી શીખીને પોતાની વ્યૂહરચના સુસંગત બનાવી અને સફળતા મેળવી, જ્યારે વિપક્ષી પક્ષોએ તેમની નાની લીડ પણ ગુમાવી દીધી.

વર્તમાન રાજકીય પરિદશ્ય દર્શાવે છે કે જે પક્ષો રાષ્ટ્રીય હિત સાથે પોતાને જોડવામાં અસમર્થ છે તેમનું કોઈ ભવિષ્ય નથી. આ કારણોસર વંશીય પક્ષો સંકોચાઈ રહ્યા છે. દેશ સામેની મુખ્ય સમસ્યાઓ ભ્રષ્ટાચાર, જાતિવાદ, સગાવાદ અને તુષ્ટિકરણ છે. ફક્ત ભાજપ અને તેના સાથી પક્ષો જ આ સમસ્યાઓ સામે લડતા જોવા મળે છે.

વિપક્ષી પક્ષો સમય સાથે પોતાને બદલવામાં નિષ્ફળ રહ્યા છે. તેઓ બિનજરૂરી રીતે સંપત્તિ સર્જકોને નિશાન બનાવી રહ્યા છે. તેઓ એવા સામ્યવાદી દેશો તરફ પણ જોતા નથી જેમણે સ્થળ, સમય અને સંજોગો અનુસાર પોતાનો વલણ બદલ્યો છે. એટલા માટે તે સફળ પણ થયો. ચીન અને રશિયા જેવા સામ્યવાદી દેશોએ પણ મૂડીવાદ અપનાવ્યો. આનાથી ત્યાંના પક્ષોના રાજકીય અસ્તિત્વને કોઈ ખાસ નુકસાન થયું નહીં. થોડા વર્ષો પહેલા, ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના એક ટોચના નેતાને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતોઃ તમે મૂડીવાદને કેમ પ્રોત્સાહન આપી રહ્યા છો? તે નેતાનો જવાબ હતો - આપણે સમાજવાદના રક્ષણ માટે મૂડીવાદ અપનાવી રહ્યા છીએ. બીજી બાજુ, રશિયાએ પણ આવી જ બદલાયેલી નીતિ અપનાવી અને સોવિયેત યુનિયનના વિઘટન પછી પોતાને ફરીથી આકાર આપ્યો.

# યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ ભારતીય વિદેશ મંત્રી જયશંકર સાથે પ્રથમ દ્વિપક્ષીય બેઠક યોજી

વોશિંગ્ટન,તા.૨૨

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે સત્તા સંભાળી ત્યારથી અમેરિકાએ ભારતને કેટલું મહત્વ આપ્યું છે તે દર્શાવ્યું છે. આવી સ્થિતિમાં, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈક વોલ્ઝે ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકર સાથે તેમની પ્રથમ દ્વિપક્ષીય આંતરરાષ્ટ્રીય બેઠક યોજી. વિદેશ મંત્રી એસ જયશંકર ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે અમેરિકા ગયા છે. વિશ્વના બે સૌથી જૂના અને સૌથી મોટા લોકશાહી દેશોનું પ્રતિનિધિત્વ કરતા બે ટોચના રાજદ્વારીઓ વચ્ચેની બેઠક યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના ફોગી બોટમ મુખ્યાલયમાં થઈ હતી. ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા પછી પ્રથમ ક્વાડ મંત્રી સ્તરની બેઠક પહેલા



દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી.

તમને જણાવી દઈએ કે સામાન્ય રીતે અમેરિકામાં નવા રાષ્ટ્રપતિની પસંદગી પછી, પહેલી મુલાકાત અમેરિકાના પડોશી દેશ કેનેડા અથવા મેક્સિકો સાથે થાય છે.

જોકે, આ વખતે એવું થયું નથી. આ વખતે અમેરિકાએ ભારત સાથે પહેલીવાર દ્વિપક્ષીય બેઠક યોજી છે. નવા યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને ડૉ. એસ. જયશંકર વચ્ચે દ્વિપક્ષીય બેઠક ભૂતપૂર્વ સેક્રેટરી ઓફ સ્ટેટે સત્તાવાર રીતે કાર્યભાર સંભાળ્યાના એક કલાકથી પણ ઓછા સમયમાં થઈ. આ સમયગાળા દરમિયાન, બંને નેતાઓએ વ્યાપક ચર્ચા કરી, જેમાં ભારત-અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારી પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. એક કલાકથી વધુ સમય સુધી ચાલેલી આ બેઠકમાં અમેરિકામાં ભારતના રાજદૂત વિનય ક્વાત્રા પણ હાજર રહ્યા હતા.

# ટ્રમ્પના શપથ પછી તરત પુતિન અને જિનપિંગ વચ્ચે ચર્ચા

મોસ્કો, તા.૨૨

અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના શપથવિધી પછી તરત રશિયન પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિને ચીનના શિ જિનપિંગ સાથે ફોન પર વાત કરી હતી. યુક્રેન પર રશિયાના હુમલા પછી પુતિન અને ચીનના સંબંધો વધુ મજબૂત બન્યા છે ત્યારે બંને નેતાએ બદલાતા વૈશ્વિક સમીકરણ પર ચર્ચા કરી હતી.પુતિને ફોન પરની વાતચીતમાં ભાર મૂક્યો હતો કે, “રશિયા-ચીનના સંબંધો સમાન હિતો, સમાનતા અને પરસ્પર લાભ પર આધારિત છે. આ સંબંધો આંતરિક રાજકીય પરિબળો કે હાલના આંતરરાષ્ટ્રીય માહોલ પર નિર્ભર નથી.” ઉલ્લેખનીય છે કે, પશ્ચિમના દેશોએ રશિયા પર લગાવેલા પ્રતિબંધો પછી ચીન રશિયાના ઓઈલ અને ગેસનું મોટું ગ્રાહક બન્યું છે. પુતિને જણાવ્યું હતું કે, “અમે ન્યાયસંગત બહુધ્રુવીય વૈશ્વિક વ્યવસ્થાને ટેકો આપીએ છીએ. વૈશ્વિક બાબતોમાં રશિયા અને ચીનના સંયુક્ત પ્રયાસ સ્થિરતાની બાબતમાં મહત્વની ભૂમિકા ભજવે છે.”ટેલિવિઝન પર પ્રસારિત પુતિન અને જિનપિંગની વાટાઘાટના અંશમાં બંનેમાંથી કોઈ નેતાએ પ્રત્યક્ષ રીતે ટ્રમ્પના નામનો ઉલ્લેખ કર્યો ન હતો. જોકે, તેમની વાટાઘાટનો સમય સંકેત આપે છે કે તે અમેરિકાની નવી સરકાર સાથે સંવાદ માટે તૈયાર છે. દરમિયાન જિનપિંગે શુક્રવારે ફોન પર ટ્રમ્પ સાથે વાત કરી હતી. જેમાં તેમણે અમેરિકા સાથે સારા સંબંધોની આશા વ્યક્ત કરી હતી. પુતિને હજુ ટ્રમ્પ સાથે વાત કરી નથી, પણ તેમણે અધિકારીઓ સાથેના વીડિયો કોલમાં ટ્રમ્પને રાષ્ટ્રપતિપદ માટે શુભેચ્છા આપી હતી અને રશિયા સાથે સંવાદના ઈરાદાને આવકાર્યો હતો.

### વિધવા માતાએ લોન લઈ ભણવા મોકલ્યો હતો

# કેનેડામાં કારની અંદર ભારતીય યુવકનું રહસ્યમય મોત

વિનિપેગ, તા.૨૨

કેનેડાના વિનિપેગમાં ભારતીય યુવકનો રહસ્યમથી સંજોગોમાં કારની અંદરથી મૃતદેહ મળી આવ્યો છે. મૃતકનું નામ સતપાલ સિંહ હતું અને તે ૨૪ વર્ષની ઉંમરનો હતો. પંજાબના નાના ગામથી તેની માતાએ મહેનત કરીને ભણવા માટે કેનેડા મોકલ્યો હતો. જોકે રહસ્યમથી સંજોગોમાં દીકરાના મોત બાદ પરિવારમાં શોકનો માહોલ પ્રસરી ગયો છે. પરિવાર પાસે અત્યારે સતપાલના મૃતદેહને ભારત લાવવા માટેના પણ રૂપિયા નથી. જેથી તેમને ભારતીય સરકારની મદદ માગી છે. તેમને પોતાના દીકરાના અંતિમ સંસ્કાર કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૪ વર્ષીય સતપાલ સિંહ જ્યારે નાનો હતો ત્યારે જ પિતાનું અવસાન થઈ ગયું હતું. તેના પરિવારમાં એકલા માતા જ હતા. જેની સારસંભાળ રાખી એક સારા ભવિષ્ય બનાવવા માટે દીકરો કેનેડા ગયો હતો. કેનેડામાં તેને અભ્યાસ પૂરો કર્યા પછી કરિયર સેટ કર્યું હતું. સતપાલ સિંહ કેનેડામાં સારી એવી નોકરી પણ કરતો હતો. એના માતા અને મામાએ જણાવ્યું કે સતપાલ હંમેશાથી ભણવામાં પણ હોંશિયાર હતો. અઢી વર્ષ પહેલા તે કેનેડા ગયો હતો. તે વિનિપેગમાં રહેતો હતો અને ત્યાં જ પાર્ટ ટાઈમ નોકરી પણ કરતો હતો. બાદમાં અચાનક એક રાત્રે કેનેડાથી સતપાલના મિત્રોએ જણાવ્યું કે તેમના દીકરાનું મોત નીપજ્યું છે. સતપાલનો મૃતદેહ કારમાંથી મળી આવ્યો હતો. અહીં હજુ સુધી વિનિપેગમાં પોલીસે એ જાણકારી નથી આપી કે મોત કેવી રીતે નીપજ્યું કે આની પાછળ કોનો હાથ હશે. પરિવારને જ્યારે સતપાલના મોત અંગે જાણ થઈ તો શોકનો માહોલ ફેલાઈ ગયો હતો. તેના માતા આ વાત પચાવી જ નહોતા શક્યા કે એમનો યુવાન દીકરો હવે આ દુનિયામાં નથી રહ્યો. મૃતક સતપાલના માતાએ કહ્યું કે તેમને ગરીબીમા જીવન પસાર કર્યું હતું. નાનપણથી જ દીકરાને કરકસર કરીને ભણાવ્યો અને તે હોશિયાર હતો એટલે સારા માર્ક્સ લાવી કરિયર સેટ કરવા માટે કેનેડા ગયો હતો. વિધવા માતાએ એજ્યુકેશન લોન લઈને દીકરાને કેનેડા ભણવા માટે મોકલ્યો હતો. તેમના દીકરાએ પણ પાર્ટ ટાઈમ નોકરી કરીને માતાને ઘણી મદદ પણ કરી હતી. તેના માતાએ કહ્યું કે સતપાલના દાદાનું પણ ગત વર્ષે નિધન થયું હતું. મારા પરિવારમાં હવે એક જ કોઈ સભ્ય હતો અને એ પણ મારો દીકરો ૨૪ વર્ષની નાની ઉંમરે મૃત્યુ પામ્યો છે. આ જાણીને મને ઘણો આઘાત લાગ્યો છે.

### બાંગ્લાદેશ માટે ચીનનો નિર્ણય

# બાંગ્લાદેશને આપવામાં આવેલી લોનની ચુકવણીની મહોલત વધારી દેવામાં આવી

ઢાકા, તા.૨૨

શેખ હસીનાના પ્રત્યાર્પણ અંગે ભારત સાથેના વિવાદ વચ્ચે બાંગ્લાદેશ અને ચીન વચ્ચે નિકટતા વધી રહી છે. સોમવારે બાંગ્લાદેશના વિદેશ મંત્રી તૌહીદ હુસૈન ચીનના પ્રવાસે ગયા હતા, જ્યાં તેમણે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન ચીનની શી જિનપિંગ સરકાર દ્વારા બાંગ્લાદેશની મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારને મોટી રાહત આપતો નિર્ણય લેવામાં આવ્યો છે.

ચીન સરકારના નિર્ણય પ્રમાણે બાંગ્લાદેશને આપવામાં આવેલી લોનની ચુકવણીની મહોલત વધારી દેવામાં આવી છે. ચીનની શી જિનપિંગ સરકારે બાંગ્લાદેશને લોન ચૂકવવા માટે ૨૦ વર્ષના બદલે ૩૦ની મહોલત આપી છે. બીજી તરફ ચીનની સરકારે લોન પર વ્યાજ દર ઘટાડવા માટે પ્રયાસ કરવાનો પણ વાયદો કર્યો છે. આ સાથે જ આ બેઠકમાં બંને દેશોએ ચીનની મહત્વાકાંક્ષી બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (ભ્રૈં) યોજના માટે પણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે આ સંદર્ભમાં એક સત્તાવાર નિવેદન પણ જારી કર્યું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'તૌહીદ હુસૈને ચીનને લોન પરનો વ્યાજ દર ૨-૩ ટકાથી ઘટાડીને ૧% કરવા, કમિટમેન્ટ ફી માફ કરવા અને લોન ચુકવણીનો સમયગાળો ૨૦ વર્ષથી વધારીને ૩૦ વર્ષ કરવા વિનંતી કરી હતી.' લોન ચૂકવવાના અમારા સારા ભૂતકાળના રેકોર્ડને ધ્યાનમાં લેતા ચીને સમયગાળો લંબાવવાની અમારી વિનંતી સ્વીકારી છે અને વ્યાજ દર ઘટાડવા માટે પ્રયાસ કરવાનો પણ વાયદો કર્યો છે.'

બાંગ્લાદેશના વિદેશ મંત્રી સાથેની મુલાકાત દરમિયાન, ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ કહ્યું કે, 'અમે બાંગ્લાદેશના આર્થિક અને સામાજિક વિકાસ માટે અમારું સમર્થન ચાલુ રાખવા માગીએ છીએ. ચીન હંમેશા બાંગ્લાદેશને તેની રાષ્ટ્રીય સ્વતંત્રતા, સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય ગરિમાને જાળવી રાખવામાં માટે પોતાનું સમર્થન આપવાનું ચાલુ રાખશે. આ સાથે જ વિકાસ માટે એક એવો માર્ગ શોધીશું જે વર્તમાન પરિસ્થિતિ અનુસાર બાંગ્લાદેશના હિતમાં હશે.'

# લેબનોનમાં હિઝબુલ્લાહના ટોચના નેતાની હત્યાઃ અજાણ્યા બંદૂકધારીઓએ ઘરની બહાર ગોળી મારી

બેકા,તા.૨૨

હિઝબુલ્લાહ નેતા શેખ મુહમ્મદ અલી હમાદીની હત્યાઃ હિઝબુલ્લાહના ટોચના નેતા શેખ મુહમ્મદ અલી હમાદીની હત્યા કરવામાં આવી છે. હમાદીની હત્યા લેબનોનના પશ્ચિમ બેકા ક્ષેત્રમાં થઈ હતી. શેખ મોહમ્મદ હમાદી જ્યારે તેમના ઘરની બહાર ઉભા હતા ત્યારે બે વાહનોમાં આવેલા બંદૂકધારીઓએ તેમના પર ગોળીબાર કર્યો. આ હુમલામાં હમાદીને ઘણી ગોળીઓ વાગી હતી.

ઘાયલ હમાદીને તાત્કાલિક નજીકના શહેર સોહમોરની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. ગોળીબાર બાદ અજાણ્યા હુમલાખોરો ભાગી ગયા, સ્થાનિક વહીવટીતંત્ર ઘટનાની તપાસ કરી રહ્યું છે. હત્યાના કારણો હજુ સુધી જાણવા મળ્યા નથી. કેટલાક અહેવાલો કહે છે કે આ હત્યા પાછળ ઈઝરાયલનો હાથ છે, જ્યારે કેટલાક તેને કૌટુંબિક ઝઘડા સાથે જોડી રહ્યા છે.શેખ હમાદીની હત્યા બાદ લેબનીઝ સેનાએ આ વિસ્તારને ઘેરી લીધો છે. હુમલાખોરોને શોધવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. હમાદીની હત્યા એવા સમયે થઈ જ્યારે ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ ચાલી રહ્યો છે. એફબીઆઈ પણ હમાદીને શોધી રહી હતી.

# કર્ણાટકના યલાપુરામાં માર્ગ અકસ્માતઃ ૧૦ લોકોના મોત,૧૫ ઘાયલ

બેંગ્લુરૂ,તા.૨૨

કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લામાં યલાપુરા હાઈવે પર એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. અહીં ગુલાપુરામાં, શાકભાજી લઈ જતી એક ટ્રકે કાબુ ગુમાવ્યો અને ટ્રિપર સાથે અથડાઈ ગઈ, જેના કારણે ટ્રક સંપૂર્ણપણે નાશ પામ્યો. આ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા છે અને ૧૫ લોકો ઘાયલ થયા છે. આ અકસ્માત સવારે લગભગ ૪ વાગ્યે થયો હતો.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, બુધવારે વહેલી સવારે શાકભાજીનો ટ્રક ૫૦ મીટર ઊંડી ખાડીમાં પડી ગયો હતો. પીડિતો, બધા ફળ વિક્રેતાઓ, સાવનુરથી નીકળ્યા હતા અને ફળો વેચવા માટે યલાપુરા મેળા તરફ જઈ રહ્યા હતા. ઉત્તરા કન્નડના પોલીસ અધિક્ષક એમ નારાયણે જણાવ્યું હતું કે તેઓ સાવનુર-હુબલી રોડ પર મુસાફરી કરી રહ્યા હતા અને આ અકસ્માત જંગલ વિસ્તારમાં થયો હતો.

નારાયણે મીડિયાને જણાવ્યું, 'સવારે લગભગ ૪ વાગ્યે, ટ્રક ડ્રાઈવર બીજા વાહનને રસ્તો આપતી વખતે ડાબી બાજુ વળ્યો અને લગભગ ૫૦ મીટર ઊંડી ખીણમાં પડી ગયો.' તેમણે કહ્યું કે ખીણમાં રસ્તા પર કોઈ સલામતી દિવાલ નથી. "૧૦ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને ૧૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા," અધિકારીએ જણાવ્યું. ઘાયલોને હુબલીની કેઆઈએમએસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કર્ણાટકના રાયચુરમાં પણ માર્ગ અકસ્માતનો એક કેસ નોંધાયો હતો. અહીં એક વાહન પલટી જતાં ચાર લોકોના મોત થયા હતા અને ૧૦ લોકો ઘાયલ થયા હતા.

આ ઘટના સિંધનુરમાં બની હતી. પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ માતાપિતાને સોંપવામાં આવ્યો. આ કેસ સિંધનુર ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે દરરોજ લોકો માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવે છે. આવી સ્થિતિમાં, વાહન ચલાવતી વખતે ખૂબ કાળજી રાખવી ખૂબ જ જરૂરી છે. ઘણી વખત ડ્રાઈવરો ખૂબ જ બેદરકારીથી વાહન ચલાવતા જોવા મળે છે, જેના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે.

# આસામ રાઈફલ્સે ત્રિપુરામાં મોટું ઓપરેશન હાથ ધર્યું, ૧૨ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું

### બટાલામાં સિમેન્ટ ભરેલા ટ્રકમાંથી એક લાખથી વધુ યાબા ગોળીઓ મળી આવી હતી

અગરતલા,તા.૨૨

આસામ રાઈફલ્સે ત્રિપુરાના પશ્ચિમ ત્રિપુરા જિલ્લામાંથી ડ્રગ્સનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. ઠ પર આસામ રાઈફલ્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, પશ્ચિમ ત્રિપુરા જિલ્લામાં ૧૨ કરોડ રૂપિયાની કિંમતની યાબા ગોળીઓ સાથે બે ડ્રગ તસ્કરોની ધરપકડ કરવામાં આવી છે. આસામ રાઈફલ્સના જવાનોએ સાલબાગન વિસ્તારમાંથી બંને વ્યક્તિઓની ધરપકડ કરી. એક સત્તાવાર પ્રકાશનમાં કહેવામાં આવ્યું છે કે, "સોમવારે કરવામાં આવેલી કાર્યવાહીમાં ૬૦,૦૦૦ યાબા ગોળીઓ મળી આવી હતી, જેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં લગભગ ૧૨ કરોડ રૂપિયા છે.

રિલીઝ અનુસાર, જપ્ત કરાયેલ પ્રતિબંધિત માલ અને ધરપકડ કરાયેલા વ્યક્તિઓને વધુ તપાસ અને કાનૂની કાર્યવાહી માટે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સને સોંપવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે યાબા ગોળીનો ઉપયોગ માદક દ્રવ્ય તરીકે થાય છે, જેમાં મેથામ્ફેટામાઈન અને કેફીન હોય છે. આને 'ક્રેઝી ડ્રગ્સ' પણ કહેવામાં આવે છે. અગાઉ, ૧૨ જાન્યુઆરીના રોજ, પશ્ચિમ ત્રિપુરા જિલ્લામાં, એક ટ્રકમાંથી ૧ કરોડ રૂપિયાની પ્રતિબંધિત યાબા ગોળીઓ મળી આવ્યા બાદ બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ગુપ્ત માહિતીના આધારે બટાલા વિસ્તારમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.

અધિકારીએ કહ્યું હતું કે બટાલામાં સિમેન્ટ ભરેલા ટ્રકમાંથી એક લાખથી વધુ યાબા ગોળીઓ મળી આવી હતી અને ટ્રક ડ્રાઈવર અને તેના સહાયકની ધરપકડ કરવામાં આવી હતી. પશ્ચિમ ત્રિપુરાના એસપી કિરણ કુમારે જણાવ્યું હતું કે, 'ગુપ્ત માહિતીના આધારે, પોલીસ ટીમે રવિવારે સવારે પશ્ચિમ ત્રિપુરા પોલીસ સ્ટેશન હેઠળના બટાલા વિસ્તારમાં મેઘાલયથી આવી રહેલા એક ટ્રકને રોક્યો હતો.' તપાસ દરમિયાન ટ્રકના કેબિનમાંથી ૧.૨૪ લાખ યાબા ગોળીઓ મળી આવી હતી. આ ટ્રક પહિજાલા જિલ્લાના સોનામુરા જઈ રહી હતી. ટ્રક ડ્રાઈવર ૪૪ વર્ષીય જમાલ હુસૈન અને તેના સહાયક મિન્ટુ બર્મન, ૨૯ વર્ષીયની ધરપકડ કરવામાં આવી છે.

## સુડોકુ નં. ૧૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 9 | | | 6 | | 2 | | | 8 |
| | | 8 | 5 | | 1 | 4 | | |
| 5 | 2 | | | 1 | | | 8 | 6 |
| 1 | | | 4 | | 6 | | | 2 |
| 7 | 6 | | | 3 | | | 5 | 4 |
| | | 7 | 8 | | 4 | 9 | | |
| 2 | | | 1 | | 9 | | | 7 |
| | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧)દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨)દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩)પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪)શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૪૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 4 | 2 | 9 | 7 | 6 | 3 | 5 |
| 9 | 5 | 6 | 1 | 3 | 4 | 7 | 8 | 2 |
| 3 | 7 | 2 | 6 | 8 | 5 | 1 | 4 | 9 |
| 2 | 6 | 8 | 4 | 1 | 3 | 5 | 9 | 7 |
| 4 | 3 | 1 | 7 | 5 | 9 | 8 | 2 | 6 |
| 5 | 9 | 7 | 8 | 6 | 2 | 4 | 1 | 3 |
| 7 | 4 | 3 | 5 | 2 | 8 | 9 | 6 | 1 |
| 1 | 8 | 9 | 3 | 7 | 6 | 2 | 5 | 4 |
| 6 | 2 | 5 | 9 | 4 | 1 | 3 | 7 | 8 |

# આપની આજ...

મેષઃ આજનો દિવસ સામાન્ય કરતા સારો રહેશે. ધનલાભની ઘણી તકો આવશે, પરંતુ આજે તમારું મન બીજે ભટકશે. મનમાં ચાલી રહેલી ઉથલપાથલને કારણે કાર્યસ્થળ પર નાણાં સંબંધિત બાબતોની અવગણના કરવામાં આવશે

વૃષભઃ આજનો દિવસ ઉદાસ રહેશે. સ્વાસ્થ્યમાં આજે શારીરિક અને માનસિક નબળાઈ રહેશે. આજે સારો વ્યવહાર કરજો નહીં તો સંબંધો બગડી શકે છે. જે પાછા જોડવા મુશ્કેલ બનશે.

મિથુનઃ આજે તમારા પર ઘણી બધી જવાબદારીઓ નિભાવવાનો દિવસ છે. ઘરના બધા જૂના અટકેલા કામોને પૂર્ણ કરવાની તક મળશે. દિવસના બીજા ભાગમાં પ્રેમી સાથે ફરવા માટે એક યોજના બનાવી શકાય છે.

કર્કઃ કાર્યક્ષેત્રમાં ચોરી અથવા અન્ય કોઈ કારણસર નુકસાન થઈ શકે છે. પૈસાને લઈને બપોરે પરેશાની થઈ શકે છે. ક્યાંકથી મળેલી રકમમાં વિક્ષેપ હોવાને કારણે આગળના કામ પર અસર થઈ શકે છે.

સિંહઃ આજનો દિવસ તમને ખૂબ વ્યસ્ત રાખશે. દિવસના પહેલા ભાગમાં કેટલાક તાત્કાલિક ફોન કોલ્સ અને ઈમેઈલ્સનો જવાબ આપવો જરૂરી રહેશે. કોઈપણ સર્જનાત્મક કાર્યમાં તમારી રુચિ પણ વધશે.

કન્યાઃ આજે તમે તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને નફો મેળવશો, પરંતુ તમારે યોગ્ય સમયની રાહ જોવી પડશે. દિવસની શરૂઆતથી બપોર સુધી તમે તમારા કામમાં બેદરકાર રહેશો, પરંતુ બપોરે વરિષ્ઠની દખલ પછી તમારા સ્વભાવમાં ગંભીરતા રહેશે.

તુલાઃ આજે તમે ભૂતકાળમાં થયેલી ભૂલોથી શીખી શકશો. સખત મહેનત કર્યા પછી પણ તમને ઈચ્છિત સફળતા નહીં મળે, પરંતુ નિરાશ થશો નહીં, સાંજથી જ પરિસ્થિતિ તમારા પક્ષમાં આવવા લાગશે.

વૃશ્ચિકઃ આજે અનિયંત્રિત ખોરાકના કારણે દિવસની શરૂઆતમાં તમારું સ્વાસ્થ્ય થોડું નરમ રહે છે. પેટમાં સમસ્યા પહોંચતા થાકને લીધે કોઈપણ કાર્ય માટે પૂરો ઉત્સાહ રહેશે નહીં.

ધનઃ આજે સવારથી કોઈપણ નવા કાર્યક્રમ સંદર્ભે ઉત્સાહ મળશે. કોઈપણ પ્રેમ સંબંધને લઈને તમે ખૂબ ઉત્સાહિત થશો. ઓફિસમાં તમારું પ્રમોશન અથવા પગાર વધારવાની વાત છે, તમારા ઉત્સાહને નિયંત્રિત કરો.

મકરઃ સાથીઓ અને પરિવારના સભ્યો તમારા બેદરકારીભર્યા વર્તનને કારણે પરેશાન થઈ શકે છે. એકબીજા સાથે તકરાર પણ થઈ શકે છે. પર્યટન મનોરંજન માટેની તકો મળશે, પરંતુ ઉદાસ વર્તનને કારણે આનંદ માણી શકશો નહીં. સ્વાસ્થ્ય સારું રહેશે.

કુંભઃ આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી જ તમે આવશ્યક કાર્યોમાં વ્યસ્ત રહેશો. ઘરમાં કોઈ બાબતે દલીલ થઈ શકે છે, તેના વિશે માનસિક તણાવ હોઈ શકે છે.

મીનઃ આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરપૂર રહેશે. કોઈની સાથેની વાદ-વિવાદ અથવા દલીલમાં તમે જીતી શકો છો. ધંધાના સંબંધમાં તમારે કોઈની સલાહ લેવાની જરૂર પડી શકે છે.

# જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રનું સરનામું બદલાયું

રાજકોટ તા. ૨૨: જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર હાલમાં બહુમાળી ભવન બ્લોક-૩/૭ માળે આવેલ છે. જે તા.૩૧/૦૧/૨૦૨૫ થી નવા સરનામે મલ્ટી પર્પસ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, રાજા રામ મોહનરાય શાળા નંબર ૯૪, પ્રેમ મંદિરની પાછળ, વિમલનગર મેઇન રોડ, રાજકોટ -૩૬૦૦૦૫ ખાતે કાર્યરત થશે, જ્યાં ફોન નં ૦૨૮૧-૨૪૪૭૦૮૦ દ્વારા પણ સંપર્ક કરી શકાશે, તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી રમા મદ્રાની યાદીમાં જણાવાયું છે.

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST- RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

# કમઢિયા સરકાર તરીકે પ્રસિદ્ધ ધવલ ભુવાજીની ધરપકડ

## લોધિકાના રાવકી ગામે ભુવાજી સહિત સાત જુગાર રમતા ઝડપાયા; ૧૬.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે

રાજકોટ તા.૨૨:

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં કમઢિયા સરકાર તરીકે ઓળખાતા ધવલ ભુવાજી સહિત ૭ લોકો જુગાર રમતા ઝડપાયા છે. રાજકોટ ગ્રામ્ય ક્રઈઇ ટીમે લોધિકા તાલુકાના રાવકી ગામે વાડી વિસ્તારમાં દરોડો પાડી ભુવાજી સહિત ૭ લોકોને જુગાર રમતા ઝડપી પાડી તેમની પાસેથી કુલ ૧૬.૩૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ ગ્રામ્ય ક્રઈઇ પીઆઇ વી.વી.ઓડેદરા સહિતની ટિમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના રાવકી ગામની સીમમાં ખોડા બાબુભાઈ ફાચરાની વાડીના મકાનમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી ચોક્કસ બાતમી મળતા સ્થળ પર દરોડો પાડી પોલીસ દ્વારા કુલ ૭ લોકોને જુગાર રમતા ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમાં પોલીસે સૌરાષ્ટ્રમાં જાણીતા અને ભુવાજી તરીકે ઓળખાતા ધવલ ગેડીયા સહિતના



સાત શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પુછપરછમાં જુગાર રમતા આરોપીઓએ પોતાના નામ ખોડા ઉર્ફે ખોડીદાસ બાબુ ફાચરા, ધવલ ઘુસા સખીયા, ભુપેન્દ્રસિંહ ઉર્ફે રવુભા ભોજુભા જાડેજા, દિનેશ પુના પાનસુરીયા, ગૌતમ વિનુ લંગાળીયા, ધવલ મનજી ગેડીયા (ભુવાજી) અને કાનજી કાળુ બાંભવા જણાવ્યું હતું. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂપિયા ૩.૩૦ લાખ તેમજ ૧.૫૫ લાખના ૯ મોબાઈલ અને ૧૧.૫૦ લાખના ૩ વાહન મળી કુલ રૂ.૧૬,૩૫,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ઉપલેટામાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ઉપલેટામાં રિદ્ધિ સિદ્ધિ એપાર્ટમેન્ટ, બ્લોક નંબર ૪૦૩માં રહેતો કિશોર ઉર્ફે શેટી લલીતભાઈ ડેડકિયા નામનો શખ્સ તેના ફ્લેટમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હોવાની બાતમી એલસીબી ની ટીમને મળી હતી, માહિતીના આધારે એપાર્ટમેન્ટમાં દરોડો પડી હાલમાં ચાલી રહેલ બિગ - બેસ ૨૦-૨૦ સિરીઝમાં અને ટીમો વચ્ચે ચાલતા ક્રિકેટ મેચ પર અલગ અલગ ગ્રાહકો સાથે રનફેરનો સટ્ટો રમતો કિશોર ઉર્ફે સીટી ડેડકીયાને રોકડ અને મોબાઈલ મળી રૂ. ૭૩ હજારના મુદ્દામાલ સાથે, એલસીબી ની ટીમે ધરપકડ કરી છે.

### શિંદેના ઘર સામે આક્રમક દેખાવો

# ફડણવીસ સરકારના નિર્ણય સામે શિવસૈનિકો લાલઘૂમ

મુંબઈ, તા.૨૨

મહારાષ્ટ્રમાં નાસિક અને રાયગડના પ્રભારી મંત્રીઓ મુદ્દે વિવાદ સતત વધી રહ્યો છે. શિવસેનાના નેતા અને રોજગાર ગેરેંટી મંત્રી ભરત ગોગાવલેના સમર્થકોએ પક્ષના અધ્યક્ષ એકનાથ શિંદેના ઘરે ધરણા શરૂ કર્યા છે. મંગળવાર સાંજે સાઉથ મુંબઈમાં સ્થિત એકનાથ શિંદેના નિવાસ મુક્તાગિરીની બહાર ગોગાવલેના સમર્થકોએ સુત્રોચ્ચાર સાથે વિરોધ દર્શાવ્યો હતો. શિવસેનાના કોઈપણ નેતાને પ્રભારી મંત્રી ન બનાવતાં પક્ષ સતત વિરોધ કરી રહ્યું છે. જેના લીધે દેવેન્દ્ર ફડણવીસ સરકારે નાસિકમાં ગિરીશ મહાજન અને રાયગડમાં એનસીપી અદિતિ તટકરેને પ્રભારી મંત્રી બનાવવાના આદેશ પર પ્રતિબંધ લાદ્યો હતો.

શિવસેનાએ રાયગડ જિલ્લાના પ્રભારી મંત્રી (ગાર્ડિયન મિનિસ્ટર) ગોગાવલેને બનાવવાની માગ કરી છે. આ મુદ્દે ગોગાવલેના સમર્થક બે ધારાસભ્ય મહેન્દ્ર થોર્વે અને મહેન્દ્ર ડલવી રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત કરશે. ગોગાવલે આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં જનાધાર રાખતાં હોવાથી શિવસેનાએ આ માગ કરી છે. ઉલ્લેખનીય છે કે, શિવસેના એનસીપી નેતા અદિતિ તટકરેને રાયગડના પ્રભારી મંત્રી બનાવવામાં આવતાં આક્રોશમાં છે. પ્રભારી મંત્રીની પસંદગીમાં મહાયુતિ સરકારે શિવસેનાને અવગણી હોવાનો આરોપ મૂકાઈ રહ્યો છે.

નાસિકમાં ભાજપ નેતા ગિરીશ મહાજનને પ્રભારી મંત્રી બનાવવામાં આવ્યા છે. જેનો શિવસેનામાંથી ધારાસભ્ય દાદા ભૂસે અને તેમના સમર્થક વિરોધ કરી રહ્યા છે. દાદા ભૂસેએ અગાઉ આ જિલ્લાની જવાબદારી સંભાળી હતી. શનિવારે ગોગાવલેના સમર્થકોએ મુંબઈ અને ગોવા હાઈવે પર ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શનો કર્યા હતા. બીજી તરફ રાયગડમાં ગોગાવલે અને તટકરે વચ્ચે લાંબા સમયથી મતભેદો છે.

# ઉપલેટાથી પ્રેમિકાને મળવા આવેલ યુવાનની યુવતિના પિતા દ્વારા હત્યા

રાજકોટ તા.૨૨

રાજકોટ શહેરમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. રેલનગર વિસ્તારમાં આવેલ દર્શવીલા બંગ્લોમાં પ્રેમિકાને મળવા આવેલા ઉપલેટાના યુવાનની પ્રેમિકાના પિતા દ્વારા હત્યા નિપજાવવામાં આવી છે. બનાવની જાણ થતા પ્રદ્યુમનનગર પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, આરોપી રાજેન્દ્રભાઇ રાઠોડ ના નિવૃત કર્મચારી છે તેઓ પોતાની પુત્રી અને જમાઈ સાથે રહેતા હતા આજે સાંજના ૪ વાગ્યા આસપાસ તેઓ પોતાના ઘરની અંદર દીકરી સાથે તેના પ્રેમીને જોઈ જતા ઉશ્કેરાઈ જતા બન્ને વચ્ચે ઝપાઝપી થતા છરી વડે હુમલો કરતા ગંભીર રીતે ઘાયલ પ્રેમી યુવકનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રેલનગર ખાતે હત્યાનો બનાવ સામે આવ્યો છે. રેલનગર વિસ્તારમાં આવેલ દર્શવિલા બંગ્લોમાં આજે સાંજના ૪ વાગ્યા આસપાસ ઉપલેટાથી આસીફ સોરા (ઉ.વ.૩૦) નામનો યુવાન તેની પ્રેમિકાને મળવા માટે આવ્યો હતો. આસીફ તેની



પ્રેમિકા સાથે તેના ઘરમાં નીચે હોલમાં આવેલ સોફામાં બેઠો હતો ત્યારે પ્રેમિકાના પિતા રાજેન્દ્રભાઈ રાઠોડ (ઉ.વ.૬૫) જોઈ જતા આસીફ અને રાજેન્દ્રભાઈ વચ્ચે ઝપાઝપી થઇ હતી જેમાં રાજેન્દ્રભાઇએ રોષે ભરાઈ આસિફને પગના ભાગે છરીનો એક ઘા ઝીંકી દીધો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં આસીફને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જોકે ટૂંકી સારવાર દરમિયાન આસિફનું મોત નીપજ્યું હતું.

બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે નોંધ કરી પ્રદ્યુમનનગર પોલીસને જાણ કરી હતી જેથી પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન પીઆઇ, પીએસઆઈ તેમજ એસીપી અને ડીસીપી કક્ષાના અધિકારી ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક આશીફ સોરાને આરોપી રાજેન્દ્ર રાઠોડની દીકરી સાથે લગભગ છેલ્લા બે વર્ષ પ્રેમસબંધ હોવાનું સામે આવ્યું છે. તેમજ મૃતક યુવાન આજ રોજ ઉપલેટાથી રાજકોટ તેની પ્રેમિકાને મળવા માટે રાજકોટ આવ્યો હોવાનું સામે આવ્યું છે. મૃતક યુવાન આસિફ પ્રેમિકાને મળવા આવ્યો ત્યારે રેલનગર સ્થિત તેના ઘરમાં પ્રેમિકા તેના પિતા અને તેનું બાળક હાજર હતું તેનો પતિ હાજર ન હતો અચાનક પ્રેમિકાના પિતા ઉપરના માળેથી નીચે આવતા પ્રેમી સાથે દીકરીને જોઈ જતા ઝપાઝપી થઇ હતી અને પ્રેમિકાના પિતા રાજેન્દ્રભાઇ રાઠોડએ છરી વડે હુમલો કરી હત્યા નિપજાવી દીધેલ છે.

આ ઉપરાંત પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી રાજેન્દ્રભાઇ રાઠોડ (ઉ.વ.૬૫)ના પત્નીનું અવસાન થઇ ગયું છે અને રેલનગર સ્થિત તેમના ઘરમાં તેમની દીકરી અને જમાઈ સાથે રહેતા હતા. આરોપી રાજેન્દ્રભાઇ રાઠોડ ના નિવૃત કર્મચારી છે જેમને વૃદ્ધાવસ્થામાં જેલના સળિયા ગણવાનો વખત આવ્યો છે. હાલ પોલીસે આરોપી વિરુધ્ધ હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી હત્યામાં વપરાયેલ છરી કબ્જે લેવા સહિતની જરૂરી કાગળ કાર્યવાહી હાથ ધરી છે.

# સજાના હુકમ સામે કરેલી અપીલ નામંજૂર કરી ટ્રાયલ કોર્ટના હુકમને યથાવત રાખતી સેશન્સ કોર્ટ

## ૬.૫૦ લાખના ચેક રીટર્ન કેસમાં ઈમિટેશનના ધંધાર્થીને ૧ વર્ષની સજા અને વળતર સામે ઉપલી કોર્ટમાં દાદ માંગી તી

રાજકોટ તા.૨૨:

શહેરના મોરબી રોડ પર આવેલા ગુરુદેવ રેસીડેન્સીમાં રહેતા યુવાને મિત્રતાના દાવે આપેલી ૬.૫૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા જે રકમ પરત ફરવાના ગુનાના કેસમાં પાડોશી અને ઈમિટેશનના ધંધાર્થી ને એક વર્ષની સજા અને વળતર ચૂકવવા કરેલા હુકમ સામે સેશન્સ કોર્ટમાં કરેલી અપીલ મંજૂર કરી ટ્રાયલ કોર્ટના હુકમને યથાવત રાખતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના મોરબી રોડ નજીક આવેલા ગુરુદેવ રેસીડેન્સીમાં રહેતા અને ઈમિટેશનનો વ્યવસાય કરતા હસમુખભાઈ રવજીભાઈ દલવાડીને પોતાના ધંધામાં આર્થિક જરૂરિયાત ઉપસ્થિત થતા પાડોશમાં રહેતા સંજય વિશ્વનાથ જોશી પાસેથી ૬.૫૦ લાખ પૂછીના લીધા હતા જે રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા ફરીયાદી દ્વારા જરૂરી કાયદાકીય પ્રક્રિયાઓ બાદ ધી નેગોશીયેબલ ઈન્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ મુજબ ફરીયાદ દાખલ કરેલ હતી જે કેસ ચાલવા પર આવતા જેમાં કેસના કામે રજુ થયેલા પુરાવાઓની વિસ્તૃત છણાવટ અને ફરીયાદ પક્ષ દ્વારા રજુ પુરાવાઓના આધારે અને ફરીયાદ પક્ષની દલીલને કોર્ટ દ્વારા ગ્રાહ્ય રાખી ઉપરોક્ત્ ગુનાના કામે આરોપી હસમુખભાઈ દલવાડીને એક વર્ષની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ પૈકી રૂ ૨૫૦૦૦ ફરીયાદીને ચુકવી આપેલો હોય જેથી ૬.૨૫ લાખ વળતર પેટે ચુકવી આપવા હુકમ કરવામા આવેલો હતો. જે હુકમ સામે હસમુખ રજીભાઈ દલવાડીએ સેસન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જે અપીલ ચાલી જતાં સેસન્સ કોર્ટ અપીલ રદ કરી ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલી સજા કાયમ રાખી હતી.આરોપી હાજર ન હોય તેની સામે વોરંટ ઈસ્યુ કરવા હુકમ ફરમાવેલો હતો. આ કામમા ફરીયાદી વતી એડવોકેટ સાહીસ્તાબેન એસ. ખોખર, રણજીતભાઈ એમ.પટગીર, દયા કે છાયાણી, નીમજ જાદવ અને આસીસ્ટંટ તરીકે શ્રધ્ધા આર. ખખ્ખર રોકાયા હતા.

### લોકોને હેરાન કરવાનું બંધ કરો

# બોમ્બે હાઈકોર્ટે EDને ગંભીર ચેતવણી આપી

મુંબઈ, તા. ૨૨

બોમ્બે હાઈકોર્ટે એક રિયલ એસ્ટેટ બિઝનેસમેન વિરુદ્ધ જાણ્યા જોયા વિના મની લોન્ડ્રીંગની તપાસ શરુ કરવા બદલ ઈડી એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પર મંગળવારે એક લાખ રુપિયાનો દંડ લગાવ્યો છે. કોર્ટે આકરી ટિપ્પણી કરતા કહ્યું કે, કેન્દ્રીય એજન્સીને કાયદાની હદમાં રહીને કામ કરવું જોઈએ.

ઈડી પર દંડ લગાવતા જસ્ટિસ મિલિંદ જાધવની એકલ પીઠે કહ્યું કે, કાયદો લાગૂ કરનારી એજન્સીઓને એક મોટો મેસેજ જવો જોઈએ, જેથી એ ખાતરી કરી શકાય છે કે તે નાગરિકોને હેરાન ન કરે. હાઈકોર્ટે ઓગસ્ટ ૨૦૧૪માં મુંબઈમાં એક રિયલ એસ્ટેટ ડેવલપર રાકેશ જૈનને મની લોન્ડ્રીંગ એજન્સી દ્વારા દાખલ અભિયોજન ફરિયાદના આધાર પર એક સ્પેશિયલ કોર્ટે જાહેર કરવામાં આવેલી પ્રક્રિયાને રદ કરી દીધી. ન્યાયમૂર્તિ જાધવે કહ્યું કે, હવે સમય આવી ગયો છે કે ઈડી જેવી કેન્દ્રીય એજન્સીઓ કાયદાને પોતાના હાથમાં લેવાનું બંધ કરે અને નાગરિકોને હેરાન કરવાનું બંધ કરે. ઈડીએ જૈન વિરુદ્ધ ઉપનગરીય વિલે પાર્લે પોલીસ સ્ટેશનમાં એક સંપત્તિ ખરીદદાર દ્વારા નોંધવામાં આવેલી ફરિયાદના આધાર પર મની લોન્ડ્રીંગની તપાસ શરુ કરી હતી. જેમાં જૈન પર કરારનું ઉલ્લંઘન કરવા અને છેતરપીંડીનો આરોપ લગાવ્યો હતો. ન્યાયમૂર્તિ જાધવે પોતાના ચુકાદામાં કહ્યું કે, જૈન વિરુદ્ધ કોઈ કેસ બનતો નથી.

# રાજ્યમાં આગામી દિવસોમાં ઠંડી વધુ આક્રમક બનશે

## રાજસ્થાનમાં સર્જાયેલ સાયકલોનિકલ સરક્યુલેશનની અસરથી ઠંડી વધશે

રાજકોટ, તા.૨૨

રાજ્યમાં છેલ્લા બે દિવસથી દિવસ દરમ્યાન તાપમાનમાં થોડો વધારો થઈ રહેલ છે. રાત્રીના સમયે ઠંડા પવનોની અસરના કારણે તાપમાનનો પારો ગગડતો રહે છે. રાજસ્થાનમાં સર્જન પામી રહેલ સાયકલોનિકલ સરકયુલેશનની અસરના કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં ફરી કડકડતી ઠંડી આગામી ૩૬ કલાક બાદ અનુભવાશે તેમજ આગામી સપ્તાહના પ્રારંભે ફરી વાતાવરણમાં પલ્ટાની શકયતાઓ જન્મી રહી છે.

રાજસ્થાનમાં સર્જાયેલા સરકયુલેશનની અસરના કારણે ગુજરાતના કેટલાક વિસ્તારમાં આગામી સપ્તાહથી વાદળછાંયુ વાતાવરણ આકાર પામે તેવી શકયતા હવામાન નિષ્ણાંતો દ્વારા વ્યકત કરવામાં આવી છે.

આજે રાજ્યમાં નલિયા ખાતે સૌથી નીચું તાપમાન ૯ ડીગ્રી નોંધાયુ હતુ જ્યારે રાજ્યમાં અત્યંત ઠંડી અનુભવાતી હોય તેવા શહેરો વિસ્તારોમાં તાપમાનનો પારો દાહોદ ૧૨.૩, ગાંધીનગર ૧૩.૪, રાજકોટ ૧૩.૮, ડીસા ૧૪.૧, જામનગર ૧૪.૫, ભૂજ ૧૪.૮, વડોદરા ૧૫.૬, અમરેલી ૧૬.૪, ભાવનગર ૧૭.૮ અને કંડલા ખાતે ૧૭.૫ ડીગ્રી નીચલું તાપમાન નોંધાયુ હતુ.

# જામકંડોરણાના જસાપર ગામે બંધ મકાનમાંથી રૂા.૩.૦૫ લાખની ચોરી

## તસ્કર દિવાલ ઠેકી અંદર પ્રવેશી સોનાના ઘરેણાનો હાથ ફેરો કર્યો, જાણ ભેદુ હોવાની શંકાના આધારે તપાસનો ધમધમાટ

રાજકોટ તા.૨૨:

જામકંડોરણા તાલુકાના જસાપર ગામે બંધ મકાનની તાળા તોડી રૂપિયા ૩.૦૫ લાખની કિંમતના સોનાના ઘરેણા ની ચોરી કરી ગયા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ડોગ સ્વોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતો સાથે દોડી જઇ જાણ ભેદુ હોવાની શંકાના આધારે તપાસનો ધમધમાટ આદર્યો છે. વધુ વિગત મુજબ જામકંડોરણા તાલુકાના જસાપર ગામના વતની અને હાલ નવસારી તાલુકાના ખેડ ગામે રહેતા મનસુખભાઈ મોહનભાઈ રામોલિયા નામના વેપારીના બંધ મકાનની દિવાલ ટપી અજાણ્યા શખ્સોએ અંદર ધુશી મકાનના નકુચા તોડી લોખંડના તિજોરી નો લોક તોડી જેમા રહેલા રૂપિયા ૩.૦૫ લાખની કિંમતના સોનાના ઘરેણા ની ચોરી કરી ગયાઅંગેની જામકંડોરણા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવની જાણ પી આઈ એલ જે નકુમ અને પી.એસ.આઇ વી એમ ડોડીયા સહિતનો કાફલો ડોગ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતો સાથે દોડી ગયા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં મનસુખભાઈ રામોલિયા પોતાના વેપાર ધંધે નવસારીના ખડક ગામે હતા, પત્ની ચંદ્રિકાબેન પોતાની પુત્રી રેશમાબેનને ડિલિવરી આવી હોવાથી ઉપલેટા ખાતે ગયા હતા અને માતા હેમીબેન વાડીએ રોકાવા ગયા હતા ત્યારે બંધ રહેલા મકાનની જાણ ભેદુએ હાથ ફેરો કર્યો હોવાનું તપાસમાં ખુલતા પોલીસે તે મુદ્દે તપાસનો ધમધમાટ આદર્યો છે.

# મંત્રીમંડળે આગામી પાંચ વર્ષ માટે રાષ્ટ્રીય આરોગ્ય મિશન ચાલુ રાખવા મંજૂરી આપી

નવીદિલ્હી,તા.૨૨: કેન્દ્રીય મંત્રીમંડળે આગામી પાંચ વર્ષ માટે રાષ્ટ્રીય આરોગ્ય મિશન ચાલુ રાખવાની મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે બુધવારે આ માહિતી આપી. તેમણે કહ્યું કે કેબિનેટે માર્કેટિંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે કાચા શણના એમએસપી રૂ. ૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલને મંજૂરી આપી છે.મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે પત્રકારોને માહિતી આપતાં કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં મિશનએ ઐતિહાસિક લક્ષ્યો હાંસલ કર્યા છે. ગોયલે માહિતી આપી હતી કે ૨૦૨૧ થી ૨૦૨૨ દરમિયાન લગભગ ૧૨ લાખ આરોગ્ય કર્મચારીઓ રાષ્ટ્રીય આરોગ્ય મિશનમાં જોડાયા હતા અને ભારતે આ મિશન હેઠળ કોવિડ-૧૯ રોગચાળા સામે લડત આપી હતી.કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે માર્કેટિંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે કાચા શણ માટે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫,૬૫૦ ના લઘુત્તમ ટેકાના ભાવને મંજૂરી આપી હતી, જે અગાઉના એમએસપી કરતા ૭ ટકા અથવા રૂ. ૩૧૫ નો વધારો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે આ માહિતી આપી. મંત્રીએ જણાવ્યું હતું કે નવી એમએસપી અખિલ ભારતીય સરેરાશ ઉત્પાદન ખર્ચ કરતાં ૬૬.૮ ટકાનો નફો સુનિશ્ચિત કરે છે અને ઉત્પાદકોને લાભ કરશે.

# જૂનાગઢ : રૂા.૨.૪૩ કરોડની છેતરપિંડીની આરોપી પકડાયો

## મકાન બનાવી આપવાનો વિશ્વાસ આપી રકમ ચાઉં કરી ફરાર થયેલ મનિષ કારીયા ઝડપાયો

(જય વિરાણી દ્વારા)

જૂનાગઢ, તા.૨૨

અહીં ખાતે પૂજન ઈન્ફ્રાસ્ટ્રક્ચર નામે પેઢી બનાવી મકાન ખરીદવા બનાવવા ઈચ્છુક લોકો પાસેથી આશરે રૂા.૨.૪૩ કરોડની રકમ મેળવી વિશ્વાસઘાત આચરી ઓફિસ બંધ કરી ભૂગર્ભમાં ઉતરી ગયેલ બિલ્ડર મનિષ કારીયા વિરૂધ્ધ જૂનાગઢ શહેર બી.ડીવીઝન પોલીસ મથકમાં ભોગ બનનાર એક મહિલાએ નોંધાવેલ ફરિયાદના આધારે પોલીસ દ્વારા મનિષની શોધખોળ હાથ ધરવામાં આવેલ હતી.

જૂનાગઢમાં મકાન બનાવી આપવાની લાલચ આપી ઈચ્છુક વ્યકિતઓ પાસેથી નાણાં મેળવી ઓફિસ ત્થા મોબાઈલ ફોન બંધ કરી મનિષ ફરાર થયેલ. જૂનાગઢ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે મનિષ કારીયા ત્થા તેના સાગ્રીત સંજય ભંડારી સાથે રાજસ્થાનના કોટા ખાતેથી ઝડપી પાડી પુછપરછ હાથ ધરેલ છે.

### સાયલા તાલુકાના કોટડાગામના

# શહીદવીર જવાનના પાર્થિવ દેહને ગાર્ડ ઓફ ઓનર આપી કરાઈ અંતિમવિધિ

વઢવાણ, તા.૨૨

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના છેવાડાના કોટડા ગામનો રોહિત મશરૂભાઈ જીડીયા ૬ વર્ષથી ઈન્ડિયન નેવીમાં અને હાલમાં તામિલનાડુ આઈએનએસ કટ્ટાબોમન નેવલ બેઝ જિલ્લો તિરૂનેવલવેલીમાં ફરજ બજાવતા હતા અને ૨૬ વર્ષના રોહિતભાઈ ફરજ દરમિયાન શહીદ થયા હતા. આ બાબતની પરિવારજનોને જાણ થતા આક્રંદ છવાયુ હતુ. હાલ તેનુ પોસ્ટિંગ તિરૂનેલવેલી જિલ્લામાં નેવલ બેજ પર હતુ. જ્યાં ફરજ દરમિયાન શહીદ થતા એની જાણ પરિવારને થતા આક્રંદ છવાયુ હતુ.

પરિવારમાં માતા-પિતા, ૨ નાનાભાઈ, પત્ની છે. શહીદ જવાન રોહિતભાઈના લગ્ન ૩ પહેલા થયા હતા. હાલ તેમના પત્ની સગર્ભા છે. સંતાનનો જન્મ થાય તે પહેલા જ પિતાનું મૃત્યુ થતા ગમગીની છવાઈ છે. શહીદ જવાન રોહિતભાઈનો પાર્થિવ દેહ અમદાવાદથી સુરેન્દ્રનગર અને ત્યાંથી શહીદ જવાનની અંતિમયાત્રા ખીટલા બોર્ડથી ધાંધલપુર, ધજાળાથી કોટડા ગામે લઈ જતા મોટી સંખ્યામાં યુવાનો અને ગ્રામજનોએ દેશભક્તિના નારા લગાવીને યુવાનના શાહદતને વધાવી હતી અને કોટડા ગામે ગાર્ડ ઓફર ઓનર સાથે અંતિમ વિધિ કરવામાં આવી હતી.

જેમાં પૂર્વ સંસદ સભ્ય સોમાભાઈ તેમજ સાયલા મામલતદાર વિરલ શુકલ, પ્રાંત અધિકારી, નાગર જીડીયા, મયુર સાકરીયા તેમજ ધજાળા અને સાયલા પોલીસ કર્મીઓ તેમજ નિવૃત્ત સૈનિકો અને મોટી સંખ્યામાં આજુબાજુના મહિલાઓ અને ગ્રામજનો ઉપસ્થિત જોડાયા હતા.

# દક્ષિણ કેલિફોર્નિયામાં વેગીલા પવનોથી જંગલોમાં નવેસરથી આગ ફાટી નિકળી

લોસ એન્જલસ, તા.૨૨

દક્ષિણ કેલિફોર્નિયામાં પવનોની ગતિ વધવાને કારણે બે જંગલ વિસ્તારમાં નવસેરથી આગ ફાટી નીકળી હતી. લોસ એન્જેલસમાં બે સપ્તાહ પહેલાં લાગેલી અને હજુ ચાલતી આગને કારણે ફાયરબ્રિગેડ હાઈ એલર્ટ પર છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કિનારાના વિસ્તારોમાં પ્રતિ કલાક ૧૧૩ કિમી. અને પહાડી વિસ્તારોમાં ૧૬૦ કિમી.ની ઝડપે પવન ફુંકાવાની શક્યતા છે.હવામાન વિભાગે લોસ એન્જલસ, વેન્ચુરા અને સેન ડિયેગોના અમુક વિસ્તારોમાં માટે જોખમી સ્થિતિની ચેતવણી આપી છે. આ વિસ્તારોમાં ભેજના ઓછા પ્રમાણ અને ભારે પવનને કારણે આગને વેગ મળી શકે. ઓકસનાર્ડના હવામાન વિભાગના નિષ્ણાત એન્ડ્રુ રોરકેએ જણાવ્યું હતું કે, "આગ શરૂ થશે તો તે બહુ ઝડપથી ફેલાવા માટે સાનુકૂળ સ્થિતિ છે." કેલિફોર્નિયાના જંગલ વિભાગે જણાવ્યું હતું કે, "સેન ડિયેગો કાઉન્ટીમાં નાના પ્રમાણમાં બે સ્થળે આગ લાગી હતી. તેને લીધે લગભગ ૫૦ હેક્ટરના વિસ્તારમાં જમીન બળી ગઈ હતી. મધ્યમ ગતિએ ફેલાતી આગથી કેટલીક પ્રોપર્ટીને નુકસાન થયું હતું." ફાયરબ્રિગેડની કામગીરીને લીધે પાલા ફાયર અટકાવવામાં સફળતા મળી હતી.દરમિયાન સોમવારે લોસ એન્જલસમાં લાગેલી આગને ઝડપથી બુઝાવી દેવાઈ હતી.

### ક્રૂરતા:ગર્ભમાંથી બહાર આવી ગયો ૭ માસનો ભ્રૂણ

# પ્રેગ્નેન્ટ પત્નીના પેટ પર બેસીને પતિએ ગળું દબાવ્યું

હૈદરાબાદ, તા.૨૨

હૈદરાબાદમાં એક એવી રૂવાડા ઉભા કરી દે તેવી ઘટના સામે આવી છે, જેણે સાંભળીને તમે પણ ચોંકી જશો.

તેલંગાણાની રાજધાની હૈદરાબાદમાં ૨૧ વર્ષીય યુવકે કથિત રીતે તેની ગર્ભવતી પત્નીની શંકાના આધારે હત્યા કરી નાખી. તેણે પત્નીને એટલી આડેધડ માર માર્યો કે મહિલાના ગર્ભમાંથી સાત માસનો ભ્રૂણ નીકળી ગયો હતો. પોલીસે મંગળવારે આ જાણકારી આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે ૧૬ જાન્યુઆરીના રોજ જ્યારે આરોપીની પત્ની ઘરે સૂતી હતી ત્યારે તેણે તેના પેટ પર બેસીને ઓશીકા વડે તેનું ગળું દબાવીને હત્યા કરી દીધી હતી, જેના પરિણામે ગર્ભ ગર્ભમાંથી બહાર આવ્યો હતો. અહેવાલ મુજબ, ૨૧ વર્ષીય સચિન સત્યનારાયણ નામના વ્યક્તિની રાચાકોંડા કમિશનરેટની કુશાઈગુડા પોલીસે ૧૬ જાન્યુઆરીએ તેની પત્ની ટી સ્નેહા (૨૧)ની હત્યાના આરોપમાં સોમવારે ધરપકડ કરી હતી. પીડિતા પોતાની ગર્ભાવસ્થાના સાતમા મહિનામાં હતી. પોલીસે જણાવ્યું હતું કે હત્યા એટલી ઘાતકી હતી કે જ્યારે સચિને સ્નેહાને મારવાના પ્રયાસમાં તેનું ગળું દબાવી દીધું હતું, ત્યારે તેણે લગાવવામાં આવેલા બળના કારણે ગર્ભમાંથી ગર્ભ બહાર આવી ગયો હતો, પરિણામે સ્નેહા અને ગર્ભસ્થ બાળકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. તેની હત્યા કર્યા બાદ સચિને ગેસના ચૂલાના વાલ્વ ખોલીને સળગાવી દીધા હતા, જેથી તેને આગની ઘટના તરીકે રજૂ કરી શકાય. જો કે, આગ વધુ ન ફેલાતાં તે સ્થળ પરથી ભાગી ગયો હતો. કુશાઈગુડાના એસએચઓ જી અંજૈયાએ જણાવ્યું કે પડોશીઓએ મહિલા અને બાળકને લોહીથી લથપથ જોયા અને પોલીસને જાણ કરી, ત્યારબાદ પોલીસે તપાસ શરૂ કરી અને સચિનની ધરપકડ કરી. પોલીસના જણાવ્યા અનુસાર સચિન અને સ્નેહાએ બે વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામ દ્વારા એકબીજા સાથે પરિચય કરાવ્યા બાદ લગ્ન કર્યા હતા અને પ્રેમમાં પડ્યા હતા.બંને વચ્ચેના વિવાદને કારણે બંને છેલ્લા કેટલાક મહિનાઓથી અલગ રહેતા હતા. જો કે, એક મહિના પહેલા તેઓ ફરી ભેગા થયા અને કુશાઈગુડા નજીક કપરામાં ભાડાના મકાનમાં રહેવા લાગ્યા. સચિનને ??સ્નેહા સાથે અફેર હોવાની શંકા હતી કારણ કે તે તેની ગેરહાજરીમાં ગર્ભવતી બની હતી. અધિકારીએ જણાવ્યું કે ૧૬ જાન્યુઆરીની સવારે જ્યારે સ્નેહા ગાઢ નિંદ્રામાં હતી, ત્યારે તેણે તેના પેટ પર બેસીને ઓશીકા વડે તેનું ગળું દબાવીને હત્યા કરી દીધી હતી.

# કેશોદ : નદીમાં પગ લપસતા પ્રૌઢનું મોત

કેશોદ, તા.૨૨

અહીં નજીક આવેલ શેરગઢ ગામે આવેલ નદીમાં પગ લપસતા પાણીમાં ડૂબી જવાના કારણે મનુભાઈ ધ્યાતર નામના પૌઢનું મોત નિપજ્યાનુ બહાર આવેલ છે.

# પતિના મૃત્યુનો ઈન્સ્યોરન્સ ક્લેઈમ નામંજૂર થતાં પત્નીએ કરેલી ફરિયાદ ગ્રાહક તકરાર આયોગે મંજૂર કરી

## ફરીયાદ દાખલ તારીખથી ૬ % વ્યાજ સાથે ૩૪ લાખ વીમા પેટે લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીએ ચુકવી આપવા હુકમ

રાજકોટ તા.૨૨:

બેંકમાંથી રૂપિયા ૩૪.૮૭ લાખની લીધેલી હોમ લોન સંદર્ભે લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસી લેવાયાના સંજોગોમાં ચાલુ લોને કોવિડ-૧૯ બીમારીમાં લોનીનું મૃત્યુ થયા અંગે લાઈફ પોલિસીના નોમિની દરજ્જે રહેલા પત્નીએ પતિના મૃત્યુનો કરેલો ઈન્સ્યોરન્સ ક્લેઈમ નામંજૂર કર્યા સામે કરવામાં આવેલી ફરિયાદમાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગે ફરિયાદ મંજૂર કરીને વીમાની રકમ છ ટકા વ્યાજ સાથે જમા લઈ વધતી રકમ ફરિયાદીને ચૂકવવા વીમા કંપની અને બેંકને હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ, મોહમ્મદ આરીફભાઈ મુસાણીએ આઇસીઆઇસીઆઇ બેંક પાસેથી રૂ. ૩૪,૮૭,૬૩૩ની હોમ લોન લીધી હતી. જેમાં રૂ.૨૬,૯૩૬નાં ૨૪૦ હપ્તાનું એગ્રીમેન્ટ હતું, જેમાં આઇસીઆઇસીઆઇ પ્રુડેન્સીયલ લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીમાં લોનનો વીમો ઉતરાવેલ હતો, નોમિની તરીકે તેમના પત્ની ગુલશનબાનુ મોહમ્મદભાઈ મુસાણીને રાખેલ હતા. દરમિયાન લોની મોહમ્મદભાઈ મુસાણીનું કોવિડ-૧૯ની મહામારીમાં મૃત્યુ થયેલ, ત્યારબાદ પત્ની ગુલશનબાનુએ નોમિની દરજજે આઈસીઆઈસીઆઈ પ્રુડેન્સીયલ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની પાસે સદર રકમનો રજૂ કરેલો ક્લેઈમ નામંજુર કરવામાં આવેલ અને હોમલોન પેટેનાં રૂપિયા ૩૪ લાખની રકમ પોલિસી મુજબ ફરીયાદીને મળવાપાત્ર ન હોય તેવું જણાવેલ હતું. ગુલશનબાનુએ રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ સમક્ષ વીમા કંપની અને બેંક સામે રૂ. ૩૪ લાખની ફરીયાદ દાખલ કરી હતી. તેમાં ઈન્સ્યુરન્સ કંપની લોન પેટે બાકી રહેતી રકમ બેંકને ચુકવી આપે, માનસિક ત્રાસનું વળતર અને લિટિગેશન ચાર્જ ચુકવવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી. ગુજરનારે વીમો ઉતરાવતા સમયે તેની બિમારી છુપાવેલ હોય તેથી ફરીયાદીને સદરહુ રકમ મળવા માટે હકદાર નથી. ફરિયાદીના વકીલ દ્વારા પણ ધારદાર દલીલો કરવામાં આવી હતી. જે ધ્યાને લઈ ગ્રાહક તકરાર નિવારણ આયોગના પ્રમુખ જજ પી.સી. રાવલ તથા સભ્ય એમ.એસ. ભટ્ટ એવા નિષ્કર્ષ પર આવેલ કે, આ કામનાં ગુજરનારનું મૃત્યું ન્યુમોનિયા કોવિડ-૧૯ની મહામારીમાં થયેલ હોય જે હોસ્પિટલની ડિસ્ચાર્જ સમરી પરથી પ્રમાણિત થાય છે, જેથી ફરીયાદીની ફરીયાદ દાખલ તારીખથી ૬ % વ્યાજ સાથે રૂ. ૩૪ લાખ વીમા પેટે આઈસીઆઈસીઆઈ પ્રુડેન્સીયલ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની, આઈસીઆઈસીઆઈ બેંકને ચુકવી આપશે અને તે રકમ જમા લીધા બાદ જો કોઇ રકમ વધતી હોય તે ફરીયાદીને ચુકવવી આપવાની રહેશે. આ કામમાં ફરીયાદી વતી યુવા એડવોકેટ સ્તવન.જી.મહેતા, નિકુંજ.એમ.શુકલ, હર્ષ મહેશભાઈ ત્રિવેદી, બ્રિજેશ ચૌહાણ, નિલરાજ રાણા ,શ્યામ ત્રિવેદી, સત્યજીત જાડેજા, પ્રકાશ ચાવડા તથા અભય લખતરીયા તેમજ મદદનીશ નિશાંત ચાવડા, નિરંજન ભટ્ટી, સનમબેન શેખ અને રુશિતભાઈ રોહિત રોકાયા હતા.

# મોરબીના શકતશનાળા ગામે મારામારી, જાનથી મારી નાખવાની કોશિષ બાદ સામસામી ફરિયાદ

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૨૨:

શકત શનાળા ગામે બોલાચાલીનો ખાર રાખી સાત ઇસમોએ પરિવારના સભ્યોને લાકડાના ધોકા વડે માર મારી પ્રાણઘાતક હુમલો કરી હોસ્પિટલ જતી વેળાએ ગાડીમાં બોનેટ અને પાછળ તેમજ સાઈડના કાચ તોડી નુકશાન કરી ગાળો આપી જાનથી મારી નાખવાની કોશિશ કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે જયારે સામાપક્ષે પણ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ ચલાવી છે

મોરબીના શકત શનાળા ગામે શક્તિ પ્લોટમાં રહેતા મહિપત અમરશીભાઈ સનારીયાએ આરોપીઓ નૈતિક વિનોદ વાઘેલા, વિનોદ અમરશી વાઘેલા, કાના નથુભાઈ વાઘેલા, કિશોર નથુભાઈ વાઘેલા. દિનેશ અમરશી વાઘેલા, નથુભાઈ વાઘેલા અને પ્રવીણ નથુભાઈ વાઘેલા રહે બધા શક્તિ પ્લોટ શનાળા ગામ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે આરોપી નૈતિક વાઘેલાને ફરિયાદીના ભત્રીજા શરદ સાથે ગત તા. ૧૮ ના રોજ બોલાચાલી થઇ હતી જેનો ખાર રાખી સમાધાનની વાતચીત કરવા ફરિયાદી મહીપતભાઈ સનારીયા ગયા હતા ત્યારે આરોપીઓએ ધોકા, પાઈપ, લોખંડ ટામી સાથે ફરિયાદીના દીકરા સત્યેશ (ઉ.વ.૪) વાળાને માથામાં મારી હેમરેજ જેવી ગંભીર ઈજા કરી ફરિયાદી અને તેની પત્ની દિવ્યાબેન અને ભાભી રેખાબેન તથા કૌટુંબિક ભાઈ દીકરા મિલનભાઈના લાકડાના ધોકા વડે માર મારી ઈજા કરી હતી

તેમજ ફરિયાદીના બનેવી અશ્વિનભાઈ પરમારની ગાડીમાં દીકરાને સારવારમાં લઇ જતા હતા ત્યારે ગાડી આડા ઉતરી પ્રાણઘાતક હુમલો કરી ગાડીના બોનેટ, ટોપ તેમજ પાછળના અને સાઈડના કાચ મળી આશરે રૂ ૨૫ હજારનું નુકશાન કર્યું હતું અને ગાળો આપી જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી મોરબી સીટી એ ડીવીઝન પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

સામાપક્ષે હિતેષ મહેશ વાઘેલાએ આરોપીઓ રસિક કેશુ સનારીયા, રસિકના નાના ભાઈ, મહિપત અમરશી સનારીયા, હરેશ ગોવિંદ સનારીયા અને વિજય ગોવિંદ સનારીયા રહે બધા શનાળા વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદીને આરોપી મહિપતના માતા સાથે બાઈક ધીમે ચલાવવા બાબતે બોલાચાલી થઇ હતી જેનો ખાર રાખી આરોપીઓએ મોટા બાપુ વિનોદભાઈને અને કાકા કાન્તીભાઈ, સિદ્ધાર્થ સાથે ગાળા ગાળી કરી ઢીકા પાટું માર મારી લાકડાના ધોકા વડે ઈજા કરી હતી દરમિયાન મહિપતના દીકરાને માથામાં કઈક લાગી જતા આરોપીઓ સફેદ કારમાં જતા હતા ત્યારે ફરિયાદીના ફૈબા દયાબેન પંચાલને ફોર વ્હીલ ઘસાઈ જતા પગમાં અને થાપા તેમજ શરીરે ઈજા પહોંચી હતી મોરબી સીટી એ ડીવીઝન પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

# કેશોદના કણેરીમાંથી બોગસ તબીબની ધરપકડ

કેશોદ તા.૨૨:

કેશોદના કણેરી ગામે તાલુકા હેલ્થ ઓફિસ અને પોલીસની સંયુકત કાર્યવાહીમાં મેડિકલ પ્રેકટિશ કરતો નકલી તબીબ ઝડપાયો હતો. આરોગ્ય તંત્રની તપાસમાં નકલી તબીબના દવાખાનામાંથી એલોપેથીક જુદી જુદી કંપનીની દવાઓ અને મેડિકલ પ્રેકટીશના સાધનો મળી આવ્યાં હતાં. આ ઘટના અંગે અજાબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. અમીત ધીરજલાલ વણપરિયાએ ફરીયાદ નોંધાવી હતી. પોલીસે આ નકલી તબીબ રાકેશ ભગવાનજીભાઈ હિંગરાજિયા વિરૂધ્ધ બીએનએસ ૩૧૯ (૨), ૧૨૫ ગુજરાત મેડિકલ પ્રેક્ટીસ ૧૯૬૩ ની કલમ ૩૦ હેઠળ ફરિયાદ નોંધી હતી. પોલીસે નકલી તબીબ પાસેથી ૨૫૦૯૦ ની કિંમતનો ૯૦ પ્રકારની દવા અને મેડિકલ સાધનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તેમની અટકાયત કરી હતી. બાતમી આધારે કણેરી ગામે પહોંચેલાં પોલીસ સ્ટાફે એક દવાખાનામાં બાળ દર્દીની સારવાર કરતાં ડોકટર પાસે તેમના ડોક્ટર હોવાના પુરાવા માંગ્યાં હતાં પરંતુ ડોક્ટર પુરાવા રજૂ કરી શક્યો ન હતો.

આમ કોઈ પણ જાતની ડ્રીગી વગર ડોકટર તરીકે ખોટા નામની ઠગાઈ કરી બીજાની જીંદગીને જોખમમાં મુંકી મેડિકલ પ્રેકટિશ કરતો હોવાની વિગતો તપાસમાં ખુલવા પામી હતી. પોલીસે નકલી તબીબને ઝડપી પાડી આગળ તપાસ હાથ ધરી છે.કણેરી ગામે નકલી તબીબ જે સ્થળે પ્રેક્ટિશ કરતો હતો ત્યાં શ્રી ઉમા કલિનીકના નામે ડો. નિકુંજ લાડાણી (બીએચએમએસ) ભૂતપૂર્વ આયુષ મેડીકલ ઓફિસર હોવાનું બોર્ડ લાગેલું જોવા મળ્યું હતું. આ બાબત શંકા કુશંકા તરફ ઈશારો કરતી હોય તે અંગે તાલુકા હેલ્થ ઓફિસર એન. જી. ડાભી અને ડીવાયએસપી બી. સી. ઠક્કરને પુછતાં તેમણે તપાસ ચાલી રહી હોય તપાસ બાદ હકીકત જાણવા મળશે તેમ જણાવ્યું હતું.

# ફાધરે વિદ્યાર્થીને પાંચ ફડાકા ઝીંકી દીધા, જેતપુરની સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલનો વીડિયો વાઈરલ

## શિક્ષણ વિભાગે તપાસનો આદેશ આપ્યો



રાજકોટ તા.૨૨:

રાજકોટના જેતપુરની સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને ફાધર માર મારતા હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. સ્કૂલની લોબીમાં આવી રહેલા વિદ્યાર્થીને કોઈ કારણોસર ફાધરે પાંચ ફડાકા ઝીંકી દીધા હતા.મળતી માહિતી મુજબ, જેતપુરની ગ્રાન્ટેડ સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલમાં જ સ્કૂલના જ ફાધર દ્વારા એક વિદ્યાર્થીને માર મારવામાં આવતો હોવાના સીસીટીવી સામે આવ્યા છે. આ સીસીટીવીમાં દેખાઈ રહ્યું છે કે સ્કૂલનો સમય શરૂ થયા બાદ સવારે તમામ વિદ્યાર્થીઓ કલાસમાં જતા હોય છે, એવામાં લોબીમાં જતા એક વિદ્યાર્થી ઉપર આ જ સ્કૂલના ફાધર તૂટી પડે છે અને તેને ૫થી ૬ લાફા મારી દે છે. એને કારણે આસપાસના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ ત્યાં એકઠા થઈ જાય છે. જોકે વિદ્યાર્થીને કયા કારણથી લાફા મારવામાં આવ્યા એ હજુ સુધી સામે આવ્યું નથી.આ અંગે રાજકોટના ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી કિરીટસિંહ પરમારનો સંપર્ક કરવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે જેતપુરની સેન્ટ ફ્રાન્સિસ ગ્રાન્ટેડ સ્કૂલમાં ફાધર દ્વારા કોઈ વિદ્યાર્થીને માર મારવામાં આવતો હોવાના સીસીટીવી મને મીડિયાના માધ્યમથી મળ્યા છે, જેથી આ ઘટના અંગે એજ્યુકેશન ઈન્સ્પેક્ટરને તપાસ આપવામાં આવી છે, જોકે આ ઘટના એક અઠવાડિયા પહેલાંની એટલે કે ૧૬ જાન્યુઆરીની હોવાનું જાણવા મળ્યું છે. આ વિદ્યાર્થી કોણ હતો? કયા ધોરણમાં અભ્યાસ કરતો હતો ? અને ફાધર દ્વારા શા માટે માર મારવામાં આવ્યો એ અંગે તપાસ બાદ જ ખ્યાલ આવશે. એક અઠવાડિયા બાદ પણ આ ઘટનામાં હજુ સુધી મને વાલીની ફરિયાદ મળી નથી.

# પડધરીઃ બીમારીથી કંટાળી યુવતીનો આપઘાત

રાજકોટ તા.૨૨:

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અપમૃત્યુના બે બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે જેમાં હળવદ પડધરી તાલુકાના ગામે યુપીએ બીમારીથી કંટાળી ઝેરી દવા પી જીવન ટૂંકાવવી દીધું છે વધુ વિગત મુજબ પડધરી તાલુકાના ઉકરડા ગામે રહેતા રસિકભાઈ બહુચરભાઈ ની વાડીમાં રહી મજૂરી કામ કરતા અને મધ્યપ્રદેશના વતની પ્રવિણાબેન રાકેશભાઈ ધારવાડ નામના ૧૮ વર્ષીય શ્રમિકે ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન મોત નીપજતા આ બનાવની જાણ જાણ પડધરી પોલીસને થતા દોડી ગઈ હતી અને પ્રવિણાબેન ના મૃતદેહ ને પીએમ અર્થે ખસેડી પ્રાથમિક તપાસમાં મૃતક માનસિક બીમાર હોવાથી ઝેરી દવા અને જીવન ટૂંકાવવી લીધાનું બહાર આવ્યું છે મૃતક એક ભાઈ અને બે બહેન છે.


# ટંકારા હનીટ્રેપ કેસઃ યુવાનનો મોબાઈલ નંબર આપી હનીટ્રેપમાં ફસાવી દેવાની ટીપ આપનાર ઝડપાયો

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૨૨:

ટંકારા તાલુકાના હરીપર ગામના યુવાનને હનીટ્રેપમાં ફસાવી દુષ્કર્મના કેશમાં ફસાવી દેવાની ધમકી આપી અપહરણ કરી રૂપિયા ૫ લાખ કઢાવી લેનાર ગેન્ગના મુખ્ય ટીપ આપનાર આરોપીને ટંકારા પોલીસે ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

હરીપર ગામના રહેવાસી વેપારી યુવાનનો મોબાઈલ પર સંપર્ક કરી દેવુબેન ઉર્ફે પુજાબેન નામની મહિલાએ પરિચય કેળવી ગત તા. ૧૭ ના રોજ કારમાં મળવા ગયેલ અને છત્તર ગામ નજીક એક સ્વીફ્ટ કારમાં આવી સંજય પટેલ, હાર્દિક મકવાણા, ઋત્વિક રાઠોડ સહિતના પાંચ ઇસમોએ યુવાનનું અપહરણ કરી દુષ્કર્મના ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી કુલ રૂપિયા ૫ લાખ પડાવી લીધા હતા જે બનાવ મામલે ગત તા. ૧૯ ના રોજ પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે અગાઉ ચાર આરોપીને ઝડપી લઈને રોકડ રૂ ૫ લાખ સહીત ૮.૨૫ લાખનો મુદ્દામાલ રીકવર કર્યો હતો જે ગુનામાં ફરિયાદીના મોબાઈલ નંબર સ્ત્રી આરોપીને આપી હનીટ્રેપમાં



ફસાવી રૂપિયા પડાવનાર મુખ્ય ટીપ આપનાર આરોપી રણછોડ ભીખાભાઈ રબારી રહે સજનપર તા. ટંકારા વાળો હોવાનું ખુલતા આરોપીને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

# રાજકોટઃ વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો

## ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી શરાબની ૯૬ બોટલ કબજે કરી

રાજકોટ તા.૨૨:

રાજકોટનાશહેરના ટાગોર રોડ નજીક ગોડાઉન રોડ પર આવેલી અંકિતા બોયસ હોસ્ટેલની સામેથી વિદેશી દારૂના ૯૬ ચપલા સાથે દીપ મહેતા નામના શખ્સને બાતમીના આધારે ક્રાઈમ – બ્રાન્ચની ટીમે ઝડપી લીધો છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ શહેરના ટાગોર રોડ નજીક ગોડાઉન મેઇન રોડ પર આવેલી અંકિતા બોયઝ હોસ્ટેલ ની સામે ગુજરાત પાન પાસે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા કિસ્મતનગર શેરી નંબર ૧, બ્લોક નંબર ૧૨માં રહેતો દીપ પ્રકાશભાઈ મહેતા શખ્સ વિદેશી દારૂના જથ્થા સાથે ઉભો હોવાની મળેલી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ દરોડો પાડી રૂ. ૧૬.૩૨૦ની કિંમતના વિદેશી દારૂના ૯૬ ચપલા સાથે દીપ પ્રકાશ મહેતા નામના શખ્સની ધરપકડ કરી હતી. પોલીસે ઝડપાયેલા શખ્સ ક્યાંથી દારૂ લાવ્યો હતો અને કોને દેવા જતો હતો વગેરે બાબતની પછપરછ હાથ ધરી છે.

# રાજકોટઃ મારામારીના ગુનામાં પિતા-પુત્રને બે વર્ષની સજા

## ઘર પાસે કચરો રાખવા બાબતે આપેલા ઠપકાના મામલે થયેલી બોલાચાલીનો ખાર રાખી યુવાન પર હુમલો કર્યો તો

રાજકોટ તા.૨૨:

શહેરના થોરાળા પોલીસ મથક વિસ્તારમાં ઘર પાસે કચરો રાખવા બાબતે આપેલા ઠપકાના મામલે થયેલી બોલાચાલી નો ખાર રાખી યુવાન પર હુમલો કરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે પિતા પુત્રને બે વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના થોરાળા વિસ્તારમાં રહેતા રમેશભાઈ વીરાભાઇ બથવાર રે પાડોશમાં રહેતા મુકેશ અમરાભાઇ બથવાર અને અમરાભાઇ ભલાભાઇ માર મારી આ અંગેની ખોરાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે રમેશભાઈ વીરાભાઇ ઘર પાસે કચરો રાખેલો હોય તે બાબતે મુકેશભાઈ અમરાભાઇએ અહીં કચરો રાખવો નહીં તે બાબતે બંને પરિવાર વચ્ચે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા મુકેશ અમરા બથવાર અને તેના પિતા અમરા ભલાભાઈ બથવારે લાકડી વડે રમેશ વીરાભાઈ બથવાર પર હુમલો કર્યાનું જણાવ્યું હતું પોલીસે મારામારી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી બંનેની ધરપકડ કરી હતી બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ કોર્ટ દ્વારા તપાસનીશ, નજરે જોનાર ,ફરિયાદી, અને સારવાર કરનાર તબીબ સહિત ૧૩ સાહેદો ને તપાસવામાં આવેલા હતા. બાદ સરકાર પક્ષે સરકારી વકીલ પૂજાબેન જોશી દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઇ બીજા અધિક જયુડિશિયલ મેજિસ્ટ્રેટ વિનતી હીરાલાલએ મુકેશ અમરાભાઇ બથવાર અને અમરાભાઇ ભલાભાઇ બથવાર ને તકસીરવાન ઠેરવી બે વરસ ની સજાનો હુકમ કરી દંડ ફટકારતો આદેશ કર્યો છે.સરકાર પક્ષે સરકારી વકીલ પૂજાબેન જોશી હાજર રહ્યા હતા.

## વોર્ડ નં.૪ જુના મોરબી રોડ પર

# ધારાસભ્ય કાનગડના હસ્તે આજે નવનિર્મિત વોર્ડ ઓફીસનું લોકાર્પણ

રાજકોટ, તા.૨૨

વોર્ડ નં.૪ માં રૂા.૭૩ લાખના ખર્ચે શિવ શક્તિ પાર્ક, જુનો મોરબી રોડ, દયાલ મિલ સામેનો રોડ, દેવલોક પાર્ક સામે વોર્ડ ઓફિસના નવનિર્મિત બિલ્ડીંગનુ લોકાર્પણ તા.૨૩ ના ગુરૂવારે સવારે ૧૦ કલાકે, વિધાનસભા-૬૮ ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ હસ્તે અને મેયર નયના પેઢડીયાના અધ્યક્ષસ્થાને કરવામાં આવશે.

આ વોર્ડ ઓફિસના બિલ્ડીંગનું બાંધકામ ૪૪૧.૮૧ ચો.મી. અને ટોટલ પ્લોટ એરીયા ૧૨૯૦.૭૫ ચો.મી.માં બનાવવામાં આવેલ છે. આ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર વોર્ડ એન્જીનીયર સહિતના અધિકારીઓના રૂમ, સ્ટોર રૂમ, ઈલેક્ટ્રીક રૂમ, હેન્ડીકેપ ટોઈલેટ તથા ફસ્ટ ફ્લોર પર વોર્ડ ઓફીસર રૂમ, ટેકસ ઓફીસર રૂમ, મીટીંગ હોલ, કેશ બારી, ટોઈલેટ, સ્ટાફરૂમ વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે.

આ લોકાર્પણ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી બાનુબેન બાબરીયા, સાંસદ પરસોતમ રૂપાલા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશ ટીલાળા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા, મંત્રી બિનાબેન આચાર્ય, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહેશે.

# પરણીતા અને સગીર પુત્રને માસિક ૨૦,૦૦૦ ભરણ પોષણ ચૂકવવા હુકમ

## અરજીની તારીખથી ફેમિલી કોર્ટે હુકમ કરતા રાજુલાના પતિએ રૂા.૪.૬૦ લાખ પત્નીને ચૂકવવા આદેશ

રાજકોટ તા.૨૨:

શહેરના રેલનગર વિસ્તારની શાશ્વત પાર્કમાં રહેતી પરણીતા અને તેના સગીર પુત્ર મળી માસિક ૨૦,૦૦૦ ભરણ પોષણ ચૂકવવા ફેમિલી કોર્ટે હુકમ કર્યો છે. અમરેલી જિલ્લાના રાજુલા ખાતે રહેતા પરેશ અજયભાઈ જગડા નામના યુવાન સાથે વર્ષ ૨૦૦૧માં રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં આવેલા શાશ્વત પાર્કમાં રહેતી જીંકલબેનના લગ્ન થયા હતા. બાદ દંપતી વચ્ચે અણ બનાવ થતા ગર્ભવતી પત્નીને તરછોડી દેતા પરણીતા ને આવકનું કોઈ સાધન ન હોવાથી જીવન નિર્વાહ ચલાવવા માટે ફેમિલી કોર્ટમાં ભરણપોષણની માંગ કરતી તારીખ ૨૩ ૧ ૨૩ ના રોજ અરજી કરી હતી. ચાલુ અરજીના કામે પરણીતાને પુત્રનો જન્મ થયો હતો બાદ હાલની ભરણપોષણની અરજીમાં પુત્રને પક્ષકાર તરીકે જોડયો હતો. બાદ અદાલતે પતિને નોટિસ કરતા જવાબ રજૂ કરી અને પત્નીના આક્ષેપોનો ખંડન કર્યું હતું બાદ સાહેદોની જુબાની નોંધવામાં આવી હતી. બાદ કેસ દલીલ પર આવતા જેમાં પરણીતાના વકીલ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક રજૂઆતમાં પતિ પાસે પૂરતી આવક હોય અને ભરણ પોષણ ચૂકવવા જવાબદાર બનતી હોવાની રજૂઆત કરી હતી. તે તમામ દલીલ થી અદાલત સહમત થઈ પરણીતાને અરજી દાખલની તારીખથી દર માસે ૧૩૦૦૦ અને સગીર પુત્રને ૭,૦૦૦ મળી ૨૦૦૦૦ ચૂકવવા હુકમ કરેલો અરજી ખર્ચ અલગથી મંજૂર કરેલો છે. આ કેસમાં પરણીતા જીંકલબેન વતી એડવોકેટ તરીકે સંદીપ અંતાણી અને સમીમબેન કુરેશી રોકાયા હતા

# રાજકોટ રૂપિયા ૧.૧૨ કરોડની છેતરપીંડીમા બે આરોપીના જામીન મંજુર

## સંતકબીર રોડ આવકાર સિલ્વર સોસાયટીની પેઢીમાંથી છ કારીગરે ૩૨૦ કિલો ચાંદીની ઉચાપત કરી હતી

રાજકોટ તા.૨૨:

સંતકબીર રોડ આવકાર સિલ્વર સોસાયટીમાં આવેલ પેઢીમાં ૧.૧૨ કરોડના ૩૨૦ કિલો ચાંદીની છેતરપીંડીના ગુનામાં જેલ હવાલે રહેલા આરોપીની જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. આ કેસની હકિક્ત મુજબ સંતકબીર રોડ પર આવેલી શક્તિ સોસાયટીમાં રહેતા ફરીયાદી અલ્પેશભાઈ ઉર્ફે બાબાલા ગંગદાસભાઈ ડોડીયાની આવકાર સિલ્વર પેઢીના નામે મજુરીથી ૫૦ ટચના ચાંદીના ઘરેણા બનાવડાવી ઓર્ડર મુજબ વેચાણ કરવાનો વેપાર કરતા હોય જે મુજબ ચાર મહીના પહેલા હિસાબમાં ૩૨૦ કિલો દાગીનાની ઘટ આવતી હોય જેથી કારીગરોની પુછપરછ કરતા જાણવા મળેલ કે ફરીયાદીને ત્યા કામ કરતો સહઆરોપી દેવાંગભાઈ ઉર્ફે દેવલો દિલીપભાઈ ગોદડકા છેલ્લા ઘણા સમયથી કામ પરથી છુટતી વખતે અમુક દાગીના તેની સાથે છુપાવીને બહાર લઈ જતો હોય અને સહઆરોપી સોનીયો બેલદાર, સતીષ ડોડીયા, સાહીલ પરમાર, કિશન પરમાર, હાર્દીકભાઈ ડોડીયા અને યોગેશભાઈ મકવાણાની મદદથી ભઠીમાં ચાંદી ઓગાળી વેચી રૂપીયાનો ભાગ પાડી દેતા બધા સાથે મળી ફરીયાદીનુ કુલ રૂ.૧.૧૨ કરોડની કિંમતનું ચાંદી પરત ન આપી ઉચાપત કરી ફરીયાદી સાથે છેતરપિંડી કર્યાની ફરીયાદ નોંધાવતા આરોપીઓની અટકાયત કરી જેલ હવાલે કર્યા હતા. જેલ હવાલે રહેલા સચીન ઉર્ફે સાહીલભાઈ રાજેશભાઈ પરમાર અને કિશનભાઈ દિનેશભાઈ પરમારે જેલ મુક્ત થવા સેસન્સ અદાલતમાં જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બચાવપક્ષના વકીલ દ્વારા કરાયેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટ દ્વારા બંને આરોપીઓને શરતી જામીન ઉપર મુક્ત કરવા હુકમ કર્યો છે.આ કેસમાં આરોપી વતી એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા, હર્ષ રોહીતભાઈ ઘીયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયા હતા.

# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની ૧૭૫મી બોર્ડ બેઠક યોજાઈ



રાજકોટ, તા.૨૨

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તા.૨૨ ના રોજ ૧૭૫મી બોર્ડ બેઠક ચેરમેન તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાયેલ. બોર્ડ બેઠકમાં સત્તામંડળના વિસ્તારમાં સૂચિત કરાયેલ નગર યોજના નં.૭૬ ની નક્કી થયેલ હદમાં સુધારો કરી નવી કૂલ ૨ સૂચિન નગર રચના યોજના નં.૭૬/૧ પરાપીળીયા જેનુ ક્ષેત્રફળ ૯૧.૫૦ હેક્ટર અને ૭૬/૨ પરાપીપળીયા જેનુ ક્ષેત્રફળ ૧૦૦.૬૭ હેકટરની હદ નક્કી કરવાની દરખાસ્ત, સત્તામંડળના વિસ્તારમાં ભવિષ્યની સૂચિત નગર રચના યોજના બનાવવા અને દ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજના બનાવવા માટે ટી.પી./ડી.પી.સેલ સર્વે યુનિટમાં તદ્દન હંગામી ધોરણે આઉટસોર્સ સ્ટાફની નિમણૂંક કરવાની દરખાસ્ત, રૂડાહસ્તકના કુવાડવા ગામે અમદાવાદ નેશનલ હાઈવેથી કુવાડવા સરધાર સ્ટેટ હાઈવે ભાવનગર સ્ટેટહાઈવેને જોડતા ૩૦.૦મી. ડી.પી.રસ્તાના બાંધકામને મંજૂરી, સત્તામંડળ વિસ્તારમાં હોડીંગ્સ બોર્ડ અને કોમ્યુનિકેશન ટાવર લગાવવા નીતિ અમલમાં આવેલ હતી. જેના નવા ભાવોની દરખાસ્તને બહાલી આપવામાં આવી હતી. ચેરમેન તથા મ્યુનિ.કમિશ્નર તુષાર સુમેરા, રીઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિ.મહેશ જાની, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણા રંગાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર, રૂડાના સી.ઈ.ઓ. જી.વી.મીયાણી, મુખ્ય નગર નિયોજકના પ્રતિનિધિ તરીકે કે.આર.સુમરા, આરએમસીના સીટી એન્જી. કે.કે.મહેતા હાજર રહેલ હતા.

# રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલારા પરિવારના આંગણે ગુંજ્યા શરણાયુના સૂર ચિ.જીલ-ચિ.ખુશીના શુભ લગ્ન

રાજકોટ, તા.૨૨ષરાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલારા તથા શ્રીમતી હંસાબેનના સુપુત્ર ચિ.જીલના શુભ વિવાહ શ્રીમતી નીતાબેન તથા વિપુલભાઈ પટેલની સુપુત્રી ચિ.ખુશી સાથે તા.૭ ને શુક્રવારે નિધાર્યા છે.

માંગલિક મહોત્સવની વિગતો અનુસાર તા.૫ ને બુધવારે સાંજે ૬ વાગ્યે સીઝન્સ, અવધ રોડ, રાજકોટ ખાતે સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તથા તા.૫ ને સવારે ૮ વાગ્યે ગ્રાઉન્ડ બોલરૂમ, રેજન્સી સગુન, કાલાવડ રોડ રાજકોટ ખાતે મંડપરોપણ વિધિ થશે.

તા.૭ ને બપોરે ચાર વાગ્યે સાજન વાટિકા, કાલાવડ રોડ રાજકોટ ખાતે જાન પ્રસ્થાન તથા રાત્રે ૮-૧૫ કલાકે હસ્ત મેળાપ વિધિ થશે. પરિવારના પ્રિયા મિતેશ સોરઠીયા, ડો.નિરાલી રાજ પટેલ, અયાન, અબિરા વગેરેના હરખ છે.

# હાલોલમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનું ઉત્પાદન કરતી કંપનીઓ પર દરોડા, ૧૨ કરોડનું ૬૫૦ ટન પ્લાસ્ટિક જપ્ત

હાલોલ,તા.૨૨

હાલોલમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગ નું ઉત્પાદન કરતી કંપનીઓ પર દરોડા પાડવામાની કામગીરી હજી પણ જારી છે. હાલોલ જીઆઈડીસીમાં આવેલી સિંગલ યુઝમાં ૧૨૦ માઈક્રોનથી ઓછા માઈક્રોનવાળી પ્રતિબંધિત કેરી બેગનું ઉત્પાદન કરતી કેરીબેગ કંપનીઓ સામે સોમવારથી શરૂ થયેલી કાર્યવાહી બુધવારે પણ ચાલુ રહી હતી.

હાલોલ જીઆઈડીસીમાં આવેલ વિનાયક એસ્ટેટ સાથરોટા ખાતે આવેલી પાંચ કંપનીઓમાં સોમવારે ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવતા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ૨૫૦ ટન જથ્થો ઝડપવામાં આવ્યો છે. હાલોલ નગરપાલિકાના મુખ્ય અધિકારીની આગેવાની હેઠળ મામલતદાર, જીપીસીબી અને પોલીસની સંયુક્ત ટીમે આ દરોડા પાડ્યા છે. સતત બીજા દિવસે તેણે ચેકિંગની કામગીરી જાળવી રાખી છે. આ બતાવે છે કે કેટલા મોટા પ્રમાણમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે.

દરોડા પાડનારી ટુકડીએ કબ્જે કરેલા પ્રતિબંધિત પ્લાસ્ટિકના જથ્થાને હાલમાં હાલોલ પાલિકા ભવનની બાજુમાં આવેલા કમ્યુનિટી હોલ ખાતે એકત્રિત કરવામાં આવ્યો છે. પાલિકાના ચીફ ઓફિસર જણાવ્યું હતું કે બે દિવસની કામગીરીમાં લગભગ ૧૨ કરોડની કિંમતનો કુલ ૬૫૦ ટન જેટલો પ્રતિબંધિત જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

આજે દિવસમાં જે પાંચ પ્રતિબંધિત કંપનીઓમાંથી સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો ઝડપાયો છે તે બધી કંપનીઓને ક્લોઝર નોટિસ આપીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જીપીસીબીના અધિકારીએ જણાવ્યું હતું કે હાલ કંપનીઓમાં તપાસ ચાલુ છે.

ચેકિંગની કામગીરી કરવા ગયેલી પાલિકા અને પોલીસની ટીમને કામગીરીમાં અવરોધરૂપ બનનારા અને પથ્થરમારો કરનારા કંપનીના સંચાલક સહિત ૩૫ શખ્સો સામે હાલોલ પોલીસે ગુનો નોંધ્યો છે. પ્રતિબંધિત પ્લાસ્ટિકને જપ્ત કરવાની કામગીરી દરમિયાન પ્લાસ્ટિક ભરેલા વાહનો ભાગી ન જાય તે માટે ટ્રેક્ટરની આડશ મૂકવામાં આવી હતી.

દરમિયાન એક કંપનીના સંચાલક મહાવીર જૈન તેમજ અન્ય ૩૫ જેટલા શખ્સો ૨૦થી ૨૫ જેટલી બાઈક પર આવ્યા હતા અને ટ્રેક્ટર આડું કેમ મૂક્યું છે તેમ કહી ધમકીભરી ભાષામાં વાત કરવા લાગ્યા હતા. તેઓએ આમ કરીને ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું. આના પગલે પોલીસ અને પાલિકાના કર્મચારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. મહાવીર જૈન અને તેના માણસો ચેકિંગ જ નહીં કરવા દઈએ તેમ કહેતા હતા અને ફેક્ટરી બંધ નહીં કરવા દઈએ તેમ કહેતા હતા. આમ કહીને તેમણે સરકારી કામગીરીમાં અવરોધ ઊભો કરતા તેમની સામે કેસ નોંધાયો હતો.

# મોરબીઃ પીવાના પાણીના પ્રશ્ને પાણીના ટાંકામાં બેસી વિરોધ પ્રદર્શન



(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૨૨:

મોરબીની મહાપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યા બાદ પણ સ્થિતિ સુધરી નથી મોરબીમાં પાયાની સુવિધાઓ નાગરિકોને મળતી નથી શહેરની પંચવટી સોસાયટીમાં પીવાના પાણીના પ્રશ્ને નાગરિકે પાણીના ટાંકામાં બેસી અનશન ઉપવાસ શરુ કર્યા છે મોરબી શહેરની પંચવટી સોસાયટીમાં રહેતા ચેતનકુમાર મનસુખભાઈ બીલા નામના નાગરિકે પાણીના ટાંકામાં બેસી અનશન ઉપવાસ શરુ કર્યા છે સોસાયટીમાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી આવતું ના હોવાથી ઘરે પાણીના ટાંકામાં બેસી વિરોધ પ્રદર્શન શરુ કર્યું છે અરજદારના જણાવ્યા મુજબ મ્યુનીસીપલ કમિશ્નરને લેખિત રજૂઆત કરવામાં આવી હતી છતાં પાણીનો પ્રશ્ન ઉકેલાયો નથી જેથી નાછૂટકે પાણીના ટાંકામાં બેસી વિરોધ કરવાની ફરજ પડી છે

# વી.વી.પી. દ્વારા ''નેક્સ્ટ જેન ઈન એઆઈ એમએલ અને આઈઓટી'' વિષય પર ઓનલાઈન પ્રોગ્રામનું સફળતાપૂર્વક આયોજન

રાજકોટ તા.૨૨:

ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનીકલ એજ્યુકેશન (ACCTE) ના વિવિધ બ્રાંચના ટીચીંગ ફેકલ્ટી માટે ''અટલ'' ( ટ્રેનીંગ એન્ડ લર્નીંગ એકેડેમી) કાર્યક્રમ અંતર્ગત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ-ઓનલાઈન અને ઓફલાઈન આયોજીત કરવા સિલેક્ટેડ ઈન્સ્ટીટ્યૂટને ગ્રાન્ટ (નાણાકીય સહાય) આપવામાં આવે છે.

સમગ્ર ગુજરાતની ખ્યાતનામ વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના ઈલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્યુનિકેશન વિભાગને આ વર્ષે રૂા. ૧ લાખની આર્થિક સહાય આ કાર્યક્રમ કરવા માટે મંજૂર થયેલ છે. વી.વી.પી.ના ઈ.સી. વિભાગ દ્વારા ''નેક્સ્ટ જનરેશન, ઈન (આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ- ) (મશીન લર્નીંગ- ) અને (ઈન્ટરનેટ ઓફ થીંગ્સ- ) વિષય ઉપર ઓનલાઈન (ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ)નું આયોજન સફળતા પૂર્વક કરવામાં આવેલ હતું. સમગ્ર દેશમાંથી કુલ ૨૨ રાજ્યો અને ૧૦૦ કરતા વધારે જિલ્લાઓમાંથી કુલ ૩૮૯ ફેકલ્ટી મેમ્બર્સએ આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ માં રજીસ્ટ્રેશન કરાવેલ હતું અને કુલ ૬-દિવસ આ સમગ્ર પ્રોગ્રામમાં ભાગ લીધેલ હતો.

દેશના વિવિધ રાજ્યોમાં આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ આસામ બિહાર છત્તીસગઢ દિલ્હી ગુજરાત હરિયાણા હિમાચલ પ્રદેશ જમ્મુ અને કાશ્મીર ઝારખંડ કર્ણાટક કેરાલા મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર ઓરીસ્સા રાજસ્થાન સિક્કીમ પંજાબ તામીલનાડુ તેલંગાણા ઉત્તર પ્રદેશ ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળના વિવિધ ફેકલ્ટી મેમ્બર્સએ ભાગ લીધેલ હતો. આ સમગ્ર કાર્યક્રમમાં દેશ તથા વિદેશના એક્સપર્ટ્સએ પોતાનું જ્ઞાન પ્રદાન કરેલ હતું.


ડો. કેતનભાઈ કોટેચા-ડીન (ફેકલ્ટી ઓફ એન્જીનીયરીંગ, સીમ્બાયોસિસ પુણે), ડો. સી. એચ. વીઠલાણી-પ્રોફેસર-એલ. ડી. કોલેજ અમદાવાદ, ઈ-ઈન્ફોચીપ એન એરો કંપની-અમદાવાદમાંથી શ્રી નિલેશ રાણપુરા-સિનીયર ડીરેક્ટર એન્જીનીયરીંગ-એસીક શ્રી પ્રણવ પુરોહીત એસોસીએટ ડીરેક્ટર શ્રી શાલીન શાહ-મેનેજર-સોલ્યુશન આર્કીટેક્ટ શ્રીમતી અદીતી જોષી-ટેકનીકલ લીડ ડો. દિપેશ પંચાલ-એસીક એન્જીનીયર તેમજ ફ્રુ. સેલેસ્ટી વાલંભીયા-ફર્મવેર ડેવલપમેન્ટ એન્જીનીયર-સોસ્ટીંગ ઓટોમોટીવ-જર્મની શ્રી કલ્પેશ ગજેરા ડીરેક્ટર-આર્ટોનીક્સ ઈનોવેશન ગુજરાત ડો. આશિષ કોઠારી ડીરેક્ટર રીસર્ચ એન્ડ ઈનોવેશન આત્મીય યુનીવર્સીટી-ગુજરાત શ્રી દિવાન રાયમગીયા-હેડ સાયબર સીક્યુરીટી-સીસ્કો ઈન્ફોર્મેશન ટેકનોલોજી અદાણી ગ્રીન એનર્જી શ્રી ધ્રુમન ભાડેશીયા-સીટીઓ, કેવીટ ટેકનોલોજીસ ગુજરાત દ્વારા વિવિધ ટોપીક્સ જેવા કે ઓવરવ્યુ ઓફ ૪ ૪ અને આર્કીટેક્ચર એન્ડ કોમ્યુનીકેશન પ્રોટોકોલ્સ એન્ડ ઈન ઈન્ડસ્ટ્રી, ડ્રીવન ઈન સ્માર્ટ સીટી, ક્લાઉડ પ્લેટફોર્મ ફોર ડેટા એનાલીટીક્સ એન્ડ એજ કોમ્પ્યુટીંગ, લેટેસ્ટ ટ્રેન્ડ્સ ઈન મશીન લર્નીંગ ડીપ લર્નીંગ એન્ડ ન્યુરલ નેટવર્ક આર્કીટેક્ચર્સ જનરેટીવ વીથ રાઈસ ઈન ક્લોન્ટમ, / ઈન સેમીકંડક્ટર, સીક્યોરીટી અને પ્રાઈવસી પર પોતાનું જ્ઞાન પ્રદાન કરેલ હતું.

# જામનગરના મજૂર મહાજન સંઘે ઇ.પી.એસ.- ૯૫ પેન્શનરોના હિતમાં વડાપ્રધાનને કરી રજૂઆત

(નયના દવે દ્વારા)
જામનગર તા.૨૨:

જામનગરના મજૂર મહાજન સંઘે ઇ.પી.એસ.-૯૫ પેન્શનરોના હિતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવેદન પત્ર રજૂ કર્યું છે. આ આવેદનમાં મજૂર મહાજન સંઘે ન્યૂનતમ પેન્શનમાં વધારો કરવા, પેન્શનને વાસ્તવિક પગારના આધારે ચૂકવવા અને અન્ય લાભો આપવાની માંગ કરી છે.આવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ઇ.પી.એસ.-૯૫ પેન્શનરોને હાલમાં મળતું પેન્શન ખૂબ ઓછું છે અને તેમની જીવન જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતું નથી. આથી, મજૂર મહાજન સંઘે ન્યૂનતમ પેન્શનને માસિક રૂ. ૭,૫૦૦ સુધી વધારવાની માંગ કરી છે. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટના નિર્ણય મુજબ પેન્શનને વાસ્તવિક પગારના આધારે ચૂકવવાની જોગવાઈ છે, પરંતુ આ નિર્ણયનું અમલીકરણ ધીમું ચાલી રહ્યું છે. આથી, મજૂર મહાજન સંઘે આ નિર્ણયનું ઝડપથી અમલીકરણ કરવાની માંગ કરી છે.મજૂર મહાજન સંઘે એમ પણ જણાવ્યું છે કે, સરકાર દ્વારા પેન્શન ફંડમાં ૧.૧૬ ટકા નું યોગદાન આપવામાં આવે છે, જે પૂરતું નથી. આથી, પેન્શન ફંડમાં સરકારી યોગદાન વધારવાની જરૂર છે. જેથી કરીને પેન્શનરોને વધુ સારા લાભો મળી શકે.મજૂર મહાજન સંઘે આશા વ્યક્ત કરી છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મુદ્દે ધ્યાન આપશે, અને ઇ.પી.એસ.-૯૫ પેન્શનરોના હિતમાં યોગ્ય પગલાં લેશે.

# મોરબીના વાવડી રોડ પર મહાપાલિકા દ્વારા દબાણ હટાવો ઝુંબેશ, કાચા-પાકા દબાણો દુર કર્યા



(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૨૨:

મોરબી શહેરમાં ટ્રાફિક સમસ્યાથી છુટકારો મેળવવા માટે મહાપાલિકા તંત્ર દબાણો હટાવવાની કામગીરી કરી રહી છે જેમાં અગાઉ શનાળા રોડ પરના દબાણો દુર કર્યા બાદ હવે વાવડી રોડ પર કામગીરી શરુ કરવામાં આવી છે આજે વાવડી રોડ પર અનેક દબાણો દુર કરવામાં આવ્યા હતા

મોરબી મહાપાલિકા તંત્ર દ્વારા આજે સવારથી વાવડી રોડ પર દબાણો હટાવવાની શરૂઆત કરવામાં આવી હતી શહેરના વાવડી રોડના પ્રારંભે કપિલા હનુમાનથી બાયપાસ સુધી દબાણો હટાવવાની કામગીરી પોલીસ બંદોબસ્ત સાથે રાખી શરુ કરવામાં આવી હતી જેસીબી દ્વારા નડતરરૂપ ઓટલા, છાપરા અને બોર્ડ હટાવવામાં આવ્યા હતા તેમજ હજુ પણ દબાણ હટાવો કામગીરી ચાલુ રહેશે તેવા સંકેતો મહાપાલિકાના અધિકારી પાસેથી પ્રાપ્ત થયા હતા દબાણ હટાવો કામગીરીથી નાગરિકોમાં ખુશી જોવા મળી રહી છે અને આવી કામગીરી સતત થવી જોઈએ તેવી વાતો પણ લોકમુખે ચર્ચાય રહી છે

# જામનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને કારણે મેગા જોબ ફેર મોકૂફ

(નયના દવે દ્વારા)
જામનગર તા.૨૨:

જામનગરમાં આગામી દિવસોમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને કારણે આદર્શ આચાર સંહિતા લાગુ થતાં ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ યોજાનાર મેગા જોબ ફેરને મોકૂફ રાખવામાં આવ્યો છે. આ જોબ ફેરમાં મોટી સંખ્યામાં નોકરીદાતાઓ ભાગ લેવાના હતા અને યુવાનોને રોજગારીની તકો મળવાની હતી. જોબ ફેરનું આયોજન કરનારી સંસ્થાએ જણાવ્યું છે કે, આદર્શ આચાર સંહિતાના નિયમોનું પાલન કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.જોબ ફેર મોકૂફ થવાથી યુવાનોમાં નિરાશાની લાગણી ફેલાઈ છે. ઘણા યુવાનો આ જોબ ફેરમાં રોજગારી મેળવવાની આશા રાખતા હતા.

જોકે, આયોજકોએ આશ્વાસન આપ્યું છે કે, નવી તારીખ જલ્દી જાહેર કરવામાં આવશે અને તમામ નોકરીદાતાઓને આ અંગે જાણ કરવામાં આવશે.આ જોબ ફેરમાં મોટી સંખ્યામાં કંપનીઓ ભાગ લેવાની હતી અને વિવિધ ક્ષેત્રોમાં નોકરીની તકો ઉપલબ્ધ હતી. આ જોબ ફેરમાં યુવાનોને પોતાની કુશળતા અને અનુભવ પ્રદર્શિત કરવાની તક મળતી હતી. આયોજકોએ જણાવ્યું છે કે, આદર્શ આચાર સંહિતાનું પાલન કરવું એ આપણા દરેકની જવાબદારી છે. તેમણે યુવાનોને ધીરજ રાખવા અને નવી તારીખની જાહેરાતની રાહ જોવા અપીલ કરી છે. આ નિર્ણયથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયા પારદર્શી અને નિષ્પક્ષ બનશે તેવી આશા રાખવામાં આવે છે.

# ચલાલા અને ખાંભામાં રૂ.૬.૫૦ કરોડના ખર્ચે સરકારી હોસ્પિટલ મંજૂર

## નવી અદ્યતન હોસ્પિટલ મંજૂર થતા શહેરીજનોમાં આનંદની લાગણી



(મયુર પંડયા દ્વારા)
બગસરા તા.૨૨:

રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં આરોગ્ય સુખાકારી માટે અદ્યતન સરકાર હોસ્પિટલ મંજૂર કરવામાં આવી છે. ધારાસભ્ય જે.વી.કાકડીયાના પ્રયાસોથી તેમના મત વિસ્તાર ચલાલા અને ખાંભા આગામી સમયમાં રૂ.૬.૫૦ કરોડના ખર્ચે નવી સરકારી હોસ્પિટલ આકાર પામશે. આ અંગે પીઆઈ યુ ના નાયબ કાર્યપાલક ઈજનેર હરેશભાઈ વાળાએ જણાવ્યું હતું કે ચલાલા અને ખાંભામાં નવી સરકારી હોસ્પિટલમાં ડાયાલીસીસ સેન્ટર, ફીઝીયોથેરાપી, બ્લડ સ્ટોરેજ, વેઈટીંગ એરીયા, ફાયરની સગવડ, મેડીકલ ગેસ પાઈપલાઈન તેમજ ચલાલામાં લીફ્ટની સુવિધા સાથે અદ્યતન લેબોરેટરી બનાવવામાં આવી છે. હોસ્પિટલમાં સરકાર તરફથી તમામ વસ્તુઓ નવી આપવામાં આવશે. આ હોસ્પિટલને ભુકંપપ્રુફ બનાવવામાં આવશે.હાલ તો હોસ્પિટલ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ સરકારી હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. હોસ્પિટલના બાંધકામમાં કોઈ કચાશ છોડવામાં આવશે નહી.લોકોને હોસ્પિટલમાં વધુ સારી સગવડતા મળે તે માટેના પ્રયત્નો કરવામાં આવશે. આમ,ચલાલા અને ખાંભામાં. નવી સરકારી હોસ્પિટલ બનાવવા માટે રાજ્ય સરકારે રૂ.૬.૫૦ કરોડ મંજૂર કરતા લોકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સોમનાથ ખાતે ભવ્ય શાકોત્સવનું આયોજન




(ભાસ્કર વૈદ્ય દ્વારા)
સોમનાથ તા.૨૨

શિયાળાની સીઝન એટલે જાણે અવનવી વેરાઇટી બનાવવાની મોસમ. ઠંડીમાં એટલી બધી જાતનાં શાક અને ભાજી માર્કેટમાં જોવા મળે છે ત્યારે આજકાલ શાકોત્સવની પણ મોસમ આવી છે. જેમ જુદા-જુદા ઉત્સવ ઊજવાય છે એમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિશેષરૂપે શાકોત્સવનું આગવું મહત્ત્વ છે.

અંદાજે ૨૦૦ વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના લોયાગામે સ્વામિનારાયણ ભગવાને જાતે ૧૮ મણ ઘી અને ૬૦ મણ રીંગણનું શાક બનાવ્યું હતું અને એ સમયથી શરૂ થયેલી શાકોત્સવની પરંપરા આજે પણ ચાલી રહી છે. ગુજરાત કે ભારતમાં જ નહીં, સાત સમંદર પાર પણ શિયાળાની સીઝનમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવની સોડમ પ્રસરેલી છે. ઘીમાં બનાવેલું રીંગણનું શાક, બાજરી કે મકાઈના રોટલા, માખણ, ગોળ અને મીઠાઈની સાથે શાકોત્સવની મીઠાશનો સ્વાદ જ કંઈક ઓર બની રહે છે.જે અંતર્ગત આગામી તારીખ ૨૮/૦૧/૨૦૨૫ ને મંગળવારના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા નું આયોજન કરવામાં આવેલ છે જેના વકતા તરીકે શા.સ્વા. ભકિત કિશોરદાસજી રહેશે તેમ જ ધામોધામથી સંતો અને હરિભક્તો પધારી આ દિવ્ય ઉત્સવમાં ભાગ લેશે.


## લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ

# ટેકનોલોજીના ઉપયોગથી રાજ્યમાં નવી ૬૦૭ આંગણવાડી-નંદઘરનું નિર્માણ કરવામાં આવશે

ગાંધીનગર,તા.૨૨

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે રાજ્ય સરકારના સાહસ જીએસપીસી અને તેની ગ્રુપ કંપનીઝ દ્વારા સીએસઆર અંતર્ગત નિર્માણ થનારી ૬૦૭ આંગણવાડી કેન્દ્રો-નંદઘરના નિર્માણનો ઈ-શુભારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. તેમણે આ નંદઘર-આંગણવાડી કેન્દ્રો નિર્માણનો ઈ-શુભારંભ નાણાં-ઉર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મહિલા બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા તથા મુખ્ય સચિવ શ્રી રાજકુમાર અને વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાને આંગણવાડીને નંદઘર અને આંગણવાડી કાર્યકર બહેનોને માતા યશોદા કહી છે ત્યારે આંગણવાડીમાં આવતા બાળકના ઘડતરમાં યશોદા માતા જેવા કર્તવ્યભાવથી બહેનો સેવારત રહે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, બાળકને આંગણવાડીમાં નિયમિત આવવાની પ્રેરણા થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ બનાવવું જોઈએ.**

**મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું કે, દેશ આઝાદીની શતાબ્દી ૨૦૪૭મા મનાવતો હશે ત્યારે હાલ આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો યુવા વયે પહોંચ્યા હશે.આ યુવાશક્તિમાં રાષ્ટ્રહિત ઉજાગર થાય તેવા સંસ્કાર બાળપણથી જ કેળવવાનું અને ભાવિ પેઢીના ઉમદા ઘડતરનું કર્તવ્ય પોઝિટિવ-સકારાત્મક અભિગમથી નિભાવીને સમાજહિતની મળેલી તકને સાર્થક કરવા અને નકારાત્મકતા દૂર કરવા તેમણે પ્રેરક આહવાન કર્યું હતું.મુખ્યમંત્રીએ જીએસપીસીના આ સમાજ હિતકારી અભિગમની પ્રસંશા કરતાં એમ પણ કહ્યું કે, રાજ્ય સરકાર અદ્યતન અને સુવિધા સભર તથા ગુણવત્તાયુક્ત**



**આંગણવાડીઓના નિર્માણ માટે પૂરતું ભંડોળ આપવા તત્પર છે. આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓનો ચિતાર રજૂ કરતાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, હાલ રાજ્યમાં ૫૩ હજાર જેટલી આંગણવાડી કાર્યરત છે, જેમાં ૪૫ લાખથી વધુ બાળકો, મહિલા તેમજ ધાત્રી મહિલા લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ મળી રહ્યું છે. ગુણવત્તાયુક્ત પોષણ અને શિક્ષણ આપી આપણે વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનો નિર્માણ કરીશું.**

# વેરાવળ ખાતે સમુદ્ર તરણ પ્રશિક્ષણ શિબિર યોજાશે

## સમુદ્ર તરણ પ્રશિક્ષણમાં ભાગ લેવા ઈચ્છતા યુવક યુવતીઓને ૩૧ જાન્યુઆરી સુધીમાં અરજી કરવાની રહેશે

ગીર સોમનાથ તા.૨૧:

વેરાવળ ખાતે સંભવિત ફેબ્રુઆરી-૨૦૨૫માં યોજાનાર સમુદ્ર તરણ પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા ગુજરાત રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા ચુનંદા તરવૈયા યુવક-યુવતીઓને સમુદ્ર તરણ પ્રશિક્ષણ આપી લાંબા અંતરની સમુદ્ર તરણ સ્પર્ધામાં ભાગ લેવા અને તૈયાર કરવાની પૂર્વ ભુમિકા રૂપે કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના ઉપક્રમે દર વર્ષે ૧૦ દિવસની સમુદ્ર તરણ તાલીમ પ્રશિક્ષણ યોજવામાં આવે છે. ચાલુ વર્ષે સંભવિત ફેબ્રુઆરી-૨૦૨૫ના અનુકૂળ ૧૦ દિવસ દરમિયાન વેરાવળ ખાતેના અરબી સમુદ્રમાં શિબિર યોજવાનું નક્કિ કરેલ છે. આ શિબિરમાં ભાગ લેવા ઇચ્છતા યુવક-યુવતીઓ કે જેમની ઉમર તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની મર્યાદામાં હોય તેમજ શારીરિક તેમજ માનસીક રીતે તંદુરસ્ત હોય અને સામાન્ય સંજોગોમાં સતત ત્રણ કલાક તરી શકવાની ક્ષમતા ધરાવતા હોવા જોઈએ.સમુદ્ર તરણ પ્રશિક્ષણ ભાગ લેવા ઈચ્છતા યુવક-યુવતીઓએ નિયત નમુનાનુ અરજી ફોર્મ તા.૩૧ જાન્યુઆરી સુધીમાં જિલ્લા સેવા સદન ખાતે બીજા માળ પર રૂમ નં- ૩૧૩, ૩૧૪, મું. ઇણાજ તા. વેરાવળ, જિ.ગીર સોમનાથ-૩૬૨૨૬૫ ખાતે મોકલી આપવાની રહેશે. શિબિર માટે પસંદગી કરતા પહેલા પુર્વે તરણ કસોટી યોજાયા બાદ આ કસોટીમાંથી ઉતિર્ણ થનાર ૨૫ યુવક યુવતીઓની શિબિર માટે પસંદગી કરવામાં આવશે. પસંદગી પામેલ તાલીમાર્થીઓને વતનથી કેમ્પના સ્થળ સુધી આવવા જવાનું પ્રવાસ ખર્ચ (સાદી એસ.ટી બસ) નું ભાડુ,નિવાસ, ભોજન આપવામાં આવશે.

## ગણતંત્ર દિન ઉજવણી નવી દિલ્હી

# વિવિધ રાજ્યો દ્વારા ટેબ્લોના કલાકારો દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક નૃત્ય કાર્યક્રમમાં ગુજરાતનું પ્રચલિત મણિયારા રાસ નૃત્ય ત્રીજા ક્રમે વિજેતા

નવી દિલ્હી તા.૨૧:

૭૬ મા ગણતંત્ર દિનની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી નવી દિલ્હી ખાતે થનાર છે. જેમાં વિવિધ રાજ્યો દ્વારા અલગ અલગ થીમ આધારિત ટેબ્લો રજૂ થશે. આ ટેબ્લોમાં રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્પર્ધા ૨૧મી જાન્યુઆરીએ દિલ્હી ખાતે યોજાઈ હતી જેમાં ગુજરાત ટેબ્લો સાથે આવેલા કલાકારો દ્વારા રજૂ કરવામાં આવેલા સાંસ્કૃતિક પરફોર્મન્સ ત્રીજા ક્રમે વિજેતા બન્યું છે જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે.

ભારત સરકાર દ્વારા યોજાનાર ગણતંત્ર દિનની ઉજવણીમાં વિવિધ રાજ્યો દ્વારા પ્રતિવર્ષ ટેબ્લો રજૂ કરવામાં આવે છે. આ રાજ્યોના માધ્યમથી સાંસ્કૃતિક દ્રષ્ટિએ પ્રતિનિધિત્વ કરતા કલાકારો દ્વારા રાષ્ટ્રીય રંગશાળા શિબિર દિલ્હી કેન્ટોન્મેન્ટ ખાતેના ''ઝંકાર હોલ''ખાતે સાંસ્કૃતિક સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાત ત્રીજા ક્રમે, ગોવા પ્રથમ ક્રમે અને ઉતરાખંડ બીજા ક્રમે વિજેતા બન્યું હતું. જ્યારે પ્રોત્સાહક ઇનામ પશ્ચિમ બંગાળને મળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે, ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા યોજાયેલ આ સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્ર સરકારના વિભાગો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો અને પારંપારિક નૃત્યો યોજાયા હતા. જેમાં ચાર ઇનામોની જાહેરાત કરાઈ હતી. જેમાં ગુજરાતના પ્રચલિત મણિયારા રાસ નૃત્યને ત્રીજો ક્રમ મળ્યો હતો.

# માણાવદરમાં મગફળી ખરીદીમાં બારદાનને લઈ ભાજપે દોષનો ટોપલો ગુજકોમાસોલ પર ઢોળ્યો

જૂનાગઢ,તા.૨૨

**માણાવદરમાં મગફળીની ખરીદીમાં બારદાનને લઈને કોંગ્રેસ ભાજપ પર આક્ષેપ કરી રહી છે અને ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ આ માટે ગુજકોમાસોલને જવાબદાર ઠેરવી છે. માણાવદરમાં મગફળીની ખરીદી બારદાનના અભાવે અટકી હોવાના બાબતે કોંગ્રેસે જણાવ્યું હતું કે ભાજપ સરકાર અને તેમના મળતિયા આ મુદ્દે ખો-ખો રમી રહ્યા છે અને તેઓએ રીતસરના ખેડૂતોને ટટળાવી રહ્યા છે.**

**તેમણે હાલમાં સરકાર અને તંત્ર બધુ ભાજપનું છે તો પછી તેઓ મગફળી ખરીદવા માટે નડતા અધિકારીઓ સામે પગલાં કેમ લેતા નથી, તેમને સસ્પેન્ડ કેમ કરતા નથી. ફક્ત બધુ લોકોને બતાવવા માટે છે. વાસ્તવમાં ભાજપના મળતિયાઓને મગફળીની ખરીદીમાં ફાયદો કરાવવા માટે ખેડૂતોના પેટ પર લાત મારવામાં આવી રહી હોવાનું કોંગ્રેસે જણાવ્યું હતું.આ અંગે ભાજપના માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ જણાવ્યું હતું કે માણાવદરમાં મગફળી ખરીદવા માટે બે મંડળીઓ મંજૂર થઈ છે અને તેના ૬,૨૦૦ ખેડૂત છે. પછી ખેડૂતોને માંગને ધ્યાનમાં રાખીને સરકારે ત્રીજી અને ચોથી મંડળી પણ મંજૂર કરી હતી. તેના પગલે પહેલી અને બીજી મંડળીના ખેડૂત સભ્યો કાપીને ત્રીજી અનેચોથી મંડળીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. તેમા પહેલી, ત્રીજી અને ચોથી મંડળીમા સામેલ ખેડૂતોનું તો બધુ બરોબર ચાલી રહ્યુ છે,પણ બીજી મંડળીમાં તકલીફ છે. આ મંડળી ગુજકોમાસોલના કોઈ અધિકારી સાથે સંલગ્ન હોવાનું જાણવા મળ્યું છે.તેને લઈને બારદારનથી લઈને બધા મોરચે તકલીફ પડી રહી છે. બારદાન આપવા માટે જે ટ્રક આવવી જોઈએ તે પણ હજી આવી નથી. અમારી અનેક રજૂઆતો ગુજકોમાસોલના અધિકારીઓ સાંભળતા નથી. તેમા પણ ગુજકોમાસોલના નરેન્દ્ર અને ભરત ભાઈ નામના હોદ્દેદાર તો ભ્રષ્ટાચારમાં ગળાડૂબ હોવાનું જાણવા મળ્યું છે.**

# ઈઝરાયલ સાથે સબંધો વધુ મજબૂત બનાવવા પ્રતિબદ્ધ ગૌતમ અદાણી



અમદાવાદ તા.૨૨

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ ભારત-ઈઝરાયલ વચ્ચેના વ્યાપારીક સબંધો બધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. ઇઝરાયલના રાજદૂત રુવેન અઝાર સાથે મુલાકાત બાદ સોશિયલ મીડિયા પર ગૌતમ અદાણીએ કહ્યું કે અદાણી ગ્રુપ ઇઝરાયલ સાથે સ્થાયી ભાગીદારી અને રોકાણ ચાલુ રાખવા પ્રતિબદ્ધ છે. તેમણે ઇઝરાયલ સાથેના સંબંધોને વધુ મજબૂત બનાવવા તેમજ દ્વિપક્ષીય સંબંધોને વધારવામાં હાઇફા પોર્ટ અને અદાણી ઇઝરાયલ લિમિટેડની વ્યૂહાત્મક ભૂમિકાનો ઉલ્લેખ કર્યો છે.

ગૌતમ અદાણીએ ટ્વીટર પર શેર કરતા કહ્યું કે, ''ઇઝરાયલના રાજદૂત રુવેન અઝાર, રશેલ અઝાર અને તેમની ટીમ સાથે મુલાકાત કરવાનું સન્માન મળ્યું છે. ભારત-ઇઝરાયલ સહયોગને સમર્થન આપવા તેમજ ખાસ કરીને ઈંખણિઈ અને સંરક્ષણ ક્ષેત્રે ભાગીદારી સંદર્ભે ભૂમિકા ભજવવા તેમાં મહત્વપૂર્ણ ચર્ચા થઈ હતી.'' હાઇફા પોર્ટ દ્વારા અદાણી ઇઝરાયલ લિમિટેડ સાથે અદાણી ગ્રુપ ઇઝરાયલ સાથે સ્થાયી ભાગીદારીમાં રોકાણ ચાલુ રાખવા અને વિસ્તરણ કરવા પ્રતિબદ્ધ છે.''

## પ્રથમ ટી-૨૦માં ઈંગ્લેન્ડ સામે ભારતનો ૭ વિકેટે ભવ્ય વિજય

### ઈંગ્લેન્ડની ટીમના ૧૩૨ રન (૨૦ ઓવર) સામે ભારતે ૩ વિકેટે ૧૩૫ રન નોંધાવી વિજય મેળવ્યો

રાજકોટ, તા.૨૨

ભારત અને પ્રવાસી ઈંગ્લેન્ડની ટીમ વચ્ચે આજથી શરૂ થયેલ ટી-૨૦ શ્રેણીની પ્રથમ મેચમાં ઈંગ્લેન્ડની ટીમે ૨૦ ઓવરમાં ૧૩૨ રન નોંધાવતા ભારતીય ટીમે વિજય માટેનો લક્ષ્યાંક ૩ વિકેટ ગુમાવી હાંસલ કરી લેતા ઈંગ્લેન્ડ સામે ૭ વિકેટે શાનદાર વિજય મેળવ્યો હતો. આજના મેચમાં સ્ફોટક બેટ્સમેન સુર્યકુમાર યાદવે હજ્જારો ચાહકોને નિરાશ કરતુ પ્રદર્શન કરેલ યાદવ ખાતુ ખોલાવ્યા વગર જ આઉટ થયેલ.

ઈંગ્લેન્ડના દાવમાં જોસ બટલરના ૪૪ દડામાં ૬૮ રન મુખ્ય હતા. તેમજ હેરી હુકે ૧૪ દડામાં ૧૭ અને બોલર જોફ્રા આચરે ૧૦ દડામાં ૧૨ રન નોંધાવ્યા હતા. ઈંગ્લેન્ડની સમગ્ર ટીમ ૨૦ ઓવરમાં ૧૩૨ રન નોંધાવી ઓલઆઉટ થયેલ. ઈંગ્લેન્ડનો પ્રારંભ નબળો થયેલ સમગ્ર ઈનિંગ દરમ્યાન ત્રીજી વિકેટની મહતમ ભાગીદારી સિવાય મોટાભાગના ખેલાડીઓ બેટીંગમાં નિષ્ફળ રહયા હતા.ભારત તરફથી આકાશદિપ, હાર્દિક પંડયા અને અક્ષર પટેલે ૨-૨ તેમજ ચક્રવર્તિએ ઈંગ્લેન્ડની ૩ વિકેટ ઝડપેલ હતી.

ભારતીય ટીમની પ્રારંભિક જોડીએ આક્રમક રમતનું પ્રદર્શન કરેલ પરંતુ ૪૧ રનના જુમલે ભારતે સતત બે વિકેટ ગુમાવ્યા બાદ જીત નજીક પહોચતા ૩જી વિકેટ ગુમાવેલ હતી.ભારત તરફથી અભિષેક વર્માએ ૩૪ દડામાં ઝડપી અને ઝમકદાર રમતનું પ્રદર્શન કરી ૭૯ રન નોંધાવેલ જ્યારે સંજુ સેમસને ૨૦ દડામાં ૨૬ રન નોંધાવેલ, તિલક વર્મા ૧૯ રન સાથે અને હાર્દિક પંડયા ૩ રન સાથે અણનમ હતા ત્યારે ભારતીય ટીમે ૩ વિકેટે ૧૩૫ રન માત્ર ૧૨.૫ ઓવરમાં નોંધાવી ઝળહળતો વિજય મેળવેલ છે.

## પોરબંદર : કરોડોનું ફુલેકુ ફેરવનાર આરોપી ઝડપાયો

### જલારામ ક્રેડિટ સોસાયટીના નામે ૬૦૦૦ થી વધુ રોકાણકારોને નવડાવનાર સંજય પોલીસ સકંજામાં

રાજકોટ, તા.૨૨:ઉંચા વળતરની લાલચ આપી નાના-નાના રોકાણકારો પાસેથી જલારામ કેક્રિટ સોસાયટીના નામે નાણાં ઉઘરાવી પરત ન કરવામાં આવતા ૬૦૦ જેટલા રોકાણકારોની કરોડો રૂપિયાની રકમનું ફુલેકુ ફેરવી ભૂગર્ભમાં ઉતરી ગયેલા ક્રેડીટ સોસાયટીના સુત્રધાર સંજયને પોરબંદર પોલીસે ઝડપી પાડેલ છે.

## વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો માટે એક ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો

ગાંધીનગર,તા.૨૨:રાજ્યમાં અગામી ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થવાની છે. જેને લઈને અત્યારથી વિદ્યાર્થીઓ ફુલ તૈયારીમાં લાગી ગયા છે. ઉપરાંત વાલીઓ પણ આતુરતાથી તેમના બાળકોની આ પરીક્ષાની છેલ્લા કેટલાય સમયથી રાહ જોઈ રહ્યા હતા.

ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાઓને લઈને વિદ્યાર્થીઓના હિત માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો માટે એક ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં આ હેલ્પલાઈન દ્વારા એક્સપર્ટ કાઉન્સેલર તેમજ સાયકોલોજિસ્ટ દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે. ખાસ કરીને વિદ્યાર્થીઓના હિત માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.રાજ્યના તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓ આ હેલ્પલાઈનનો ઉપયોગ કરી શકે છે. જેમાં આ હેલ્પલાઈનનો સમય સવારે ૧૧:૦૦ થી સાંજે ૬:૦૦ સુધીનો રહેશે. આ સમય દરમિયાને કોઈ પણ વિદ્યાર્થી તેની સમસ્યાને લઈને ફોન કરી શકે છે. જેમાં એક્સપર્ટ કાઉન્સેલર અને સાયકોલોજિસ્ટ દ્વારા તેમને માર્ગદર્શન આપવામાં આવશે.

### સુકુમારને એરપોર્ટ પર જ ઝડપી લીધા

## "પુષ્પા-૨"ના દિગ્દર્શકના ઘરે આવકવેરા વિભાગના દરોડા

હૈદરાબાદ, તા. ૨૨

આવકવેરા વિભાગના અધિકારીઓએ બુધવાર, ૨૨ જાન્યુઆરીના રોજ હૈદરાબાદમાં ફિલ્મ નિર્માતા સુકુમારના ઘર અને ઓફિસ પર દરોડા પાડ્યા હતા. આ દરોડા વહેલી સવારે શરૂ થયા હતા અને ઘણા કલાકો સુધી ચાલુ રહ્યા છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે આ કાર્યવાહી કરવામાં આવી ત્યારે ડિરેક્ટર સુકુમાર હૈદરાબાદ એરપોર્ટ પર હતા. તેમને એરપોર્ટ પર જ આવકવેરા અધિકારીઓએ પકડી લીધા અને ઘરે લાવવામાં આવ્યા. આ પછી દરોડા ચાલુ રહ્યા. 'પુષ્પા ૨'ના દિગ્દર્શક સુકુમારના ઘરે આવકવેરા વિભાગના દરોડા દરમિયાન ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો અને પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. જોકે, દરોડા પાછળનું કારણ અને તેમાં શું ખુલાસો થયો તે હજુ સુધી અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યું નથી.

આવકવેરા વિભાગના કોઈ અધિકારીએ હજુ સુધી કોઈ નિવેદન બહાર પાડ્યું નથી. ફિલ્મ નિર્માતા તરફથી પણ કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. આ એવા સમયે આવ્યું છે જ્યારે સુકુમાર તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'પુષ્પા ૨: ધ રૂલ' ની સફળતાનો આનંદ માણી રહ્યો છે. આ ફિલ્મમાં અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્ના મુખ્ય ભૂમિકામાં છે અને તેણે ૧૫૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. આના એક દિવસ પહેલા, મંગળવારે એટલે કે ૨૧ જાન્યુઆરીએ, નિર્માતા દિલ રાજુની મિલકતો પર પણ આવકવેરા વિભાગના દરોડા પાડવામાં આવ્યા હતા. આવકવેરા અધિકારીઓને કથિત રીતે કરચોરીની શંકા છે. તેઓ દસ્તાવેજો ચકાસી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ કાર્યવાહી આવકમાં બિનહિસાબી વધારાની તપાસનો એક ભાગ છે. અધિકારીઓ સંભવિત કરચોરી શોધવા માટે નાણાકીય રેકોર્ડ અને વ્યવહારોની તપાસ કરી રહ્યા છે. દિલ રાજુનું સાચું નામ વેલ્માકુચા વેંકટ રમણા રેડ્ડી છે. મોટે ભાગે તેલુગુ સિનેમામાં તેમના કાર્યો માટે જાણીતા છે.

## વિશ્વ ગુજરાતી સમાજની મહાસમિતિના સભ્યપદે રમાબેન માવાણી ચૂંટાયા

રાજકોટ, તા.૨૨:વિશ્વ ગુજરાતી સમાજ, અમદાવાદમાં મધ્યસ્થ કાર્યાલય ધરાવે છે. વિશ્વભરના ગુજરાતી સમાજ અને સંગઠનો વિશ્વ ગુજરાત સમાજ સાથે સંકળાયેલ છે. વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા વિશ્વના ગુજરાતીઓને રાજકીય, શૈક્ષણિક, સામાજીક અને આર્થિક સમસ્યાઓ સંબંધે જરૂરી માર્ગદર્શન અને મદદ કરવામાં આવે છે. હાલમાં એન.આર.આઈ. સી.કે.પટેલ વિશ્વ ગુજરાત સમાજના પ્રમુખ તરીકે કાર્યરત છે. ભારતના ગુજરાતી સભ્યપદ ધરાવ છે. વિશ્વ ગુજરાત સમાજ ગુજરાતીઓ માટે અત્યંત ઉપયોગી સંસ્થા તરીકે લાંબા સમયથી કાર્યરત છે.તાજેતરમાં વિશ્વ ગુજરાત સમાજના હોદેદારો અને મહાસમીતીના સદસ્યોને ચુંટી કાઢવા માટે ચૂંટણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ. ચુંટણી અધિકારી તરીકે ડો.પ્રફુલ્લભાઈ ઠાકર, એ.એસ.સૈયદ (એડવોકેટ)ની નિમણૂંક કરવામાં આવેલ હતી. શ્રીમતી રમાબેન માવાણીએ વિશ્વ ગુજરાતી સમાજમાં મહાસમીતીના સભ્ય તરીકે ચુંટણીમાં ઉમેદવારી નોંધાવેલી હતી.વિશ્વ ગુજરાતી સમાજના ચુંટણી અધિકારીઓ દ્વારા શ્રીમતી રમાબેન માવાણીને વિશ્વ ગુજરાતી સમાજની મહાસમીતીની ચુંટણીમાં ચુંટાયેલ જાહેર કરેલ છે. આ ચુંટણીમાં શ્રીમતી રમાબેન માવાણી નિર્વિવાદ ચુંટાયેલ છે.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણી જાહેર થતા જ પક્ષપલ્ટાની મોસમ ખીલી

### આચાર સંહિતા લાગુ થતા પક્ષપલ્ટાના દરવાજાઓ ખુલ્યા!

### ચોરવાડ ભાજપના ૧૦૦ આગેવાનો કોંગ્રેસમાં

રાજકોટ, તા.૨૨રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી પાછી ઠેલાયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો કાર્યક્રમ ગઈકાલે જાહેર કરતા જ આચાર સંહિતાનો અમલ શરૂ થતાની સાથે રાજકારણમાં સ્થાનિક કક્ષાએ પક્ષપલ્ટાના પવને ગતિ પકડી છે. ચોરવાડ ભાજપના ૧૦૦ જેટલા આગેવાનો તેમજ કાર્યકરોએ કોંગ્રેસમાં પ્રવેશ મળી ધારાસભ્ય વિમલ ચુડાસમાના હસ્તે કોંગ્રેસનો ખેસ ધારણ કરતા જૂનાગઢ જીલ્લાના ચોરવાડમાં રાજકીય ભૂકંપ સર્જાયો છે.સ્થાનિક રાજ્યની ચૂંટણી જાહેર થતા પોતપોતાના વિસ્તારમાં વર્ચસ્વ જાળવી રાખવા રાજનેતાઓ દ્વારા હાથ ધરાયેલ ક્વાયતમાં વિરોધીઓને રાજકીય નૂકશાન પહોંચાડવા પક્ષપલ્ટાનો પ્રારંભ કરાયો છે. જેમાં ચોરવાડ ભાજપના ઓ.બી.સી. સમાજ-મોર્ચાના કેટલાક આગેવાનો તેમજ કાર્યકરોએ ભાજપનો સાથ છોડી કોંગ્રેસના હાથ પકડતા સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ તમામ આગેવાનોને કોંગ્રેસનો ખેસ પહેરાવી આવકાર્યા હતા.

## વીરપુરના જુના બસસ્ટેન્ડથી જલાબાપાની ધર્મશાળાનો જર્જરિત રોડ આર.સી.સી. બનાવવા રજુઆત

કીશનસિંહ મોરબીયા-

વીરપુર તા.૨૨:

રાજકોટ જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ એવા પૂજય જલારામ બાપાની જન્મભૂમિ એવા વિરપુર (જલારામ) ગામના સ્થાનિક રોડ રસ્તાના કામકાજ માટે વિરપુરના સામાજીક કાર્યકર અનિલભાઇ સરવૈયાની આગેવાની હેઠળ સ્વ. વેલજીભાઇ સરવૈયા મેમોરીયલ ટ્રસ્ટા ટ્રસ્ટીઓ તા. ૨૦/૧/૨૦૨૫ ના રોજ મુખ્યમંત્રી કાર્યાલય, સચિવાલયમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલને રૂબરૂ વિરપુરના સ્થાનિક પ્રશ્નોની રજુઆત કરી હતી.

આ અંગેની વિગત એવી છે કે, ભાજપના દિવંગત નેતા સ્વ. વેલજીભાઈ સરવૈયાની યાદમાં ચાલતી અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરતુ સ્વ.વેલજીભાઇ સરવૈયા મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા ગત ડીસેમ્બર-૨૦૨૪ માસમાં વિરપુરના સ્થાનિક પ્રશ્નોની રજુઆત માટે ટ્રસ્ટીઓને રૂબરૂ મળવા અંગે લેખીત રજુઆત કરવામાં આવેલ હતી. જેના જવાબમાં મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા સ્વ. વેલજીભાઇ સરવૈયા મેમોરીયલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને પ્રમુખ જગદીશભાઇ સરવૈયાને તા. ૨૦/૧/૨૦૨૫ ના રોજ ગાંધીનગર મળવા માટે આવવાની જાણ કરાઈ હતી.જેના સંદર્ભમાં વિરપુર (જલારામ) ગામના મહત્વના અને પ્રાણપ્રશ્નનો અવાર-નવાર સરકારશ્રીમાં રજુઆત કરનાર સામાજીક કાર્યકર અને યુવા એડવોકેટ અનિલભાઈ સરવૈયાની આગેવાની હેઠળ સ્વ.વેલજીભાઈ સરવૈયા મેમોરીયલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તા. ૨૦/૧/૨૦૨૫ ને સોમવારના ગાંધીનગર રૂબરૂ જઇ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબને રૂબરૂ મળી વિરપુરના પડતર પ્રશ્નોની અસરકારક રજુઆત કરી હતી.

## એરપોર્ટ સિક્યુરિટી ગ્રુપ રાજકોટ ખાતે પ્રકૃતિ પરીક્ષણ અભિયાન યોજાયું

### ૧૩૫ સી.આઈ.એસ.એફ. કર્મયોગીઓની શારીરિક પ્રકૃતિની તપાસ કરાઈ



રાજકોટ તા. ૨૨:

એરપોર્ટ સિક્યુરિટી ગ્રુપ રાજકોટ ખાતે ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી અમનદીપ સિરસ્વાના અધ્યક્ષસ્થાને 'દેશ કા પ્રકૃતિ પરીક્ષણ અભિયાન' અન્વયે સેના કર્મીઓનું આયુર્વેદિક શરીર વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા ''જુડીયે દેશ કે પ્રકૃતિ પરીક્ષણ અભિયાન સે, એક કદમ સ્વસ્થ ભારત કી ઓર'' થીમ અન્વયે ''દેશ કા પ્રકૃતિ પરીક્ષણ અભિયાન'' શરૂ કરવામાં આવ્યું છે. જે આયુર્વેદને પ્રોત્સાહન આપવા અને વ્યક્તિગત આયુર્વેદિક પ્રકૃતિને સમજવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમાં રાજકોટ ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી મેડિકલ કોલેજના ડોકટરો દ્વારા ૧૩૫ સી.આઈ. એસ.એફ.ના કર્મયોગીઓની ''પ્રકૃતિ પરીક્ષણ'' એપ્લિકેશનનો ઉપયોગ કરીને તેઓની શારીરિક પ્રકૃતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

આ તકે પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી મેડિકલ કોલેજના મેડિકલ ઓફિસર ડો. રાજેશ ગઢિયા, ડો. મલય પાઠક, ડો. ઈમ્તિયાઝ શેખ, ડો. સમીર ગઢિયા અને શ્રી ઉર્મિલાબેન ગોરિયા અને અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## ગણતંત્ર દિવસ નિમિતે પોસ્ટ ઓફિસોમાં દ્વવજવંદન સાથે ડાકચોપાલનું આયોજન

રાજકોટ, તા.૨૨

ભારતીય ડાક વિભાગ દ્વારા ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ગુજરાત પરિમંડલમાં ૭૬માં ગણતંત્ર દિવસ નિમિતે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. જેમાં દરેક પોસ્ટ ઓફિસમાં ધ્વજવંદન સાથે ડાક ચોપાલનું પણ આયોજન કરવામાં આવશે. સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ પહેલનો ઉદ્દેશ્ય સમાજના છેવાડાના વર્ગ સુધી આવશ્યક સરકારી અને નાગરિક કેન્દ્રિત સેવાઓ પહોંચાડવાનો છે, જેનો લાભ ગુજરાતના લોકો અને તમામ લાભાર્થીઓને મળશે.

કેન્દ્રીય સેવાઓની સાથે, રાજ્ય કક્ષાની વિવિધ સામાજિક અને કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ એક છત નીચે મળી શકશે. સરકારી સેવાઓ તમારા દ્વારે હેઠળ, નાણાંકીય સેવાઓ, વીમા, પેમેન્ટ બેંક સેવાઓ, ડીબીટી, ઈ-કોમર્સ અને નિકાસ સેવાઓ સહિત તમામ નાગરિક-કેન્દ્રિત સેવાઓ વિશે જાગૃતિ ફેલાવીને લોકોને લાભ આપવામાં આવશે. પત્રો અને પાર્સલ ઉપરાંત ડાક વિભાગ બચત બેંક, પોસ્ટલ લાઈફ ઈન્યોરન્સ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, પાસપોર્ટ સેવા કેન્દ્ર, આધાર નોંધણી અને અપડેટ, કોમન સર્વિસ સેન્ટર, ડાક ઘર નિર્યાત કેન્દ્ર જેવા ઘણા જનમુખી કાર્યો કરવામાં આવી રહ્યા છે.

## મહાકુંભ ૨૦૨૫ સંસ્કૃતિ અને પ્રૌદ્યોગિકી સંગમ

**લેખક જયા વર્મા સિન્હા**



ગંગા, જેને ભારતીય ઉપમહાદ્વીપની સૌથી પવિત્ર અને મ્હત્ત્વપૂર્ણ નદી માનવામાં આવે છે. ના કેવળ ભારત ની સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાનો એક મહત્વપૂર્ણ ભાગ નથી, પરંતુ તે સમગ્ર ભારતીય સમાજના જીવનનો એક અભિન્ન ભાગ પણ છે.

મહાકુંભ એક એવો પ્રસંગ છે જ્યારે લાખો યાત્રાળુઓ ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ પર આશીર્વાદ મેળવવા માટે પ્રયાગ આવે છે. આ આયોજન માત્ર ધાર્મિક દષ્ટિકોણથી જ મહત્વપૂર્ણ નથી, પરંતુ તે ભારતીય સમાજની વિવિધતા અને એકતાનું પણ પ્રતીક છે. દર ૧૨ વર્ષે યોજાતો મહાકુંભ વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળો છે, જેમાં આ વર્ષે લગભગ 30 કરોડ શ્રધ્ધાળુઓ ભાગ લે તેવી અપેક્ષા છે.

આ વિશાળ આયોજન માં શ્રદ્ધાળુઓની અવરજવર સરળ અને સુવિધાજનક સુનિશ્ચિત કરવા માટે ભારતીય રેલવે છેલ્લા ત્રણ વર્ષથી અથાક મહેનત કરી રહી છે. પાંચ હજાર કરોડ રૂપિયાના ખર્ચે કુંભ વિસ્તારના પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવ્યા છે, જેમાં ગંગા પર એક નવા પુલનું નિર્માણ પણ સામેલ છે.

ઉપરાંત, ભારતીય રેલવે એ મુસાફરીને આરામદાયક અને સલામત બનાવવા માટે ઘણા નવા પગલાં લીધાં છે -

**ભારતીય રેલવેની ડિજિટલ પહેલ**

રેલ મુસાફરીને સુધારવા માટે, ભારતીય રેલવે એ કુંભ રેલ સેવા વેબસાઇટ અને એક મોબાઇલ એપ્લિકેશન શરૂ કરી છે. આ પ્લેટફોર્મ તીર્થ યાત્રાળુઓને ટ્રેનનું સમયપત્રક, ટિકિટની ઉપલબ્ધતા, સ્ટેશન સુવિધાઓ અને અન્ય મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડે છે. આની મદદથી, શ્રધ્ધાળુ તેમની યાત્રાનું આયોજન કરી શકે છે, ટિકિટ બુક કરી શકે છે અને મુસાફરી સંબંધિત બધી માહિતી એક જ જગ્યાએથી મેળવી શકે છે.

દેશની ભાષાકીય વિવિધતાને ધ્યાનમાં રાખીને, સ્ટેશનો પર ૧૨ મુખ્ય ભારતીય ભાષાઓમાં જાહેરાતો કરવામાં આવી રહી છે. ભારતીય રેલવે સુવિધા પુસ્તિકા ૨૨ ભાષાઓમાં ઉપલબ્ધ છે અને ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર હિન્દી, અંગ્રેજી અને વિવિધ ભારતીય ભાષાઓમાં પણ માહિતી પૂરી પાડે છે. ભારતીય રેલવે ના આ પ્રયાસથી દરેક યાત્રાળુને માહિતી મેળવવાનું સરળ બની રહ્યું છે, પછી ભલે તે કોઈપણ ભારતીય રાજ્યનો હોય કે વિદેશી.

ભારતીય રેલવે એ મુસાફરીને વધુ સરળ બનાવવા માટે, લગભગ ૨,૦૦૦ સ્ટેશનો પર એક સંકલિત ડિજિટલ ડિસ્પ્લે નેટવર્ક સ્થાપિત કર્યું છે, જે મુસાફરોને રીઅલ-ટાઇમ અપડેટ્સ આપે છે. આ ડિસ્પ્લે દ્વારા સ્ટેશન વિશેની બધી જરૂરી માહિતી સરળતાથી ઉપલબ્ધ થાય છે. વધુમાં, મુખ્ય ટર્મિનલ્સ પર ટચ-સ્ક્રીન કિઓસ્ક સ્થાપિત કરવામાં આવ્યા છે, જે ટિકિટ કાઉન્ટર અને માહિતી કેન્દ્રો બંને તરીકે કાર્ય કરે છે. આનાથી માત્ર લાંબી કતારોની સમસ્યા જ દૂર થતી નથી પણ મુસાફરોને સ્ટેશન પર કાર્યક્ષમ રીતે નેવિગેટ કરવામાં પણ મદદ મળે છે.

વધુમાં, ભારતીય રેલવે એ બારકોડ-આધારિત અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ લાગુ કરી છે, જેનાથી ટિકિટ ખરીદી પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બની છે. સ્ટેશન પર રેલવે કર્મચારીઓ કોડથી સજ્જ લીલા જેકેટ પહેરીને હાજર હોય છે, જેને સ્કેન કરીને મુસાફરો મોબાઇલ એપ ડાઉનલોડ કરી શકે છે.

**વોર રૂમ મહાકુંભનું નિરીક્ષણ અને સુરક્ષા**

મહાકુંભ ૨૦૨૫ માં આટલી મોટી ભીડના આગમનને ધ્યાનમાં રાખીને, ભારતીય રેલવે અને સંબંધિત વહીવટીતંત્રે કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે. પ્રયાગરાજમાં સ્થિત મહાકુંભ વોર રૂમ આ કાર્યક્રમનું મુખ્ય નિયંત્રણ કેન્દ્ર બન્યું છે, જ્યાં ૨૪×૭ દેખરેખ રાખવામાં આવી રહી છે. વોર રૂમમાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ટ્રેનો ના સંચાલન, જાહેર ટ્રાફિક અને તીર્થ યાત્રાળુઓની અવરજવર પર કડક નજર રાખવામાં આવે છે.

સુરક્ષા ના હેતુઓ માટે, એક હજારથી વધુ સર્વેલન્સ કેમેરા, જેમાંના કેટલાકમાં ચહેરાની ઓળખ પ્રણાલીનો પણ સમાવેશ થાય છે, તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ડ્રોનનો પણ ઉપયોગ થઈ રહ્યો છે. રેલવે પ્રોટેક્શન ફોર્સ () અને રાજ્ય પોલીસના ૨૩,૦૦૦ થી વધુ કર્મચારીઓને આ કાર્યક્રમ દરમિયાન સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અને તૈનાત કરવામાં આવ્યા છે.

**નવીનતા અને સાંસ્કૃતિક સંકલન**

મહાકુંભ ૨૦૨૫ ફક્ત ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક જ નહીં પરંતુ તે ભારતની ટેકનોલોજીકલ અને ડિજિટલ પ્રગતિને પણ પ્રકાશિત કરશે. આ આયોજન દર્શાવે છે કે કેવી રીતે જૂની પરંપરાઓ ની સાથે નવીનતમ ટેકનોલોજી નો વધુ સારો અને સુરક્ષિત અનુભવ બનાવી શકે છે. ભારતીયરેલવે ની આ પહેલો યાત્રાળુઓ માટે મુસાફરીને સરળ બનાવે છે એટલું જ નહીં પરંતુ તેઓ ભારતીય સમાજના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને નવીનતા વચ્ચે સંતુલન જાળવવાનું ઉત્તમ ઉદાહરણ પણ રજૂ કરે છે.

## રાજકોટ મોટામવા ગામે ૨૦ વર્ષ પૂર્વે ઝડપાયેલા બોગસ તબીબનો નિર્દોષ છુટકારો

### મેડીકલ અભ્યાસ કે ડીગ્રી વગર દવા અને ઈન્જેકશન આપી પ્રીસ્ક્રીપ્શન લખી આપી લોકોની સારવાર કરતો

રાજકોટ તા.૨૨:

મોટા મવા ગામે મેડીકલ અભ્યાસ કે ડીગ્રી વગર ઈન્જેકશન આપી પ્રીસ્ક્રીપ્શન લખી આપી સારવાર કરી મેડીકલ પ્રેકટીસ કરવાના ગુનામાં મુંબઈના એચ.ડી. અમરોટને નિર્દોષ છોડી મુકવા કોર્ટે હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ મૂળ મુંબઈનો રહીશ એચ.ડી. અમરોટ વર્ષ ૨૦૦૫માં રાજકોટમાં મોટા મવા ગામ નજીક સોસાયટીના મકાનમાં દર્દીઓને તપાસી મેડીકલ ડીગ્રી વગર ઈન્જેકશન આપી સારવાર કરી રહ્યાનું જાણમાં આવતા કુવાડવા આરોગ્ય કેન્દ્રના અધિકારીએ આરોપી વિરુધ્ધ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતા પોલીસે દરોડો પાડી આરોપી પાસેથી ઈન્જેકશન અને રોકડ રકમ સહિતનો મુદામાલ કબજે કરી ધરપકડ કરી હતી. આરોપી વિરુધ્ધ પુરાવાઓ મળતા કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ હતું. આ કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ ફરમાવ્યો છે.આ કેસમાં આરોપી વતી એડવોકેટ જે.પી. મારૂ અને જયોતિબેન જે. મારૂ રોકાયા હતા.

## હરિવંદના કોલેજ ખાતે સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત પત્રિકા વિતરણ થયુ



રાજકોટ, તા.૨૨

પ્રદેશ ભાજપની સુચના મુજબ સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત રાજકોટ શહેર ભાજપના અધ્યક્ષ મુકેશ દોશીના માર્ગદર્શન નીચે યુવા મોરચાની આગેવાનીમાં હરિવંદના કોલેજ ખાતે વિદ્યાર્થીઓને સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત પત્રિકા વિતરણ અને માર્ગદર્શન આપતા વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો.દર્શિતા શાહ તેમજ સંવિધાન ગૌરવ અભિયાનના સંયોજક અને શહેર ભાજપના ઉપાધ્યક્ષ મહેશ રાઠોડ યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવા, યુવા મોરચાના મહામંત્રી સહદેવ ડોડીયા, યુવા મોરચાના ઉપાધ્યક્ષ કિશન પટેલ, રવિ ચાંગેલ, યુવા મોરચાના મંત્રી સુનિલ ગોહેલ તેમજ યુવા મોરચાના જય ગજ્જર, મોનીલ શાહ, મોહિત શીયાળ, દર્શિત જોશી વગેરે સહીત આગેવાનો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનુ સંચાલન સહદેવ ડોડીયા તેમજ સ્વાગત પ્રવચન મહેશ રાઠોડ અને આભારવિધિ કિશન ટીલવાએ કરી હતી અને કાર્યક્રમની વ્યવસ્થા સુનિલ ગોહેલએ સાંભળી હતી.

## અવસાન નોંધઃ

**મોરબી** મોઢ બ્રાહ્મણ મૂળ જોધપર મચ્છુ હાલ મોરબી જસવંતીબેન હરિલાલભાઈ ભટ્ટ (ઉ.વ.૯૫) તે સ્વ. હરિલાલભાઈ ત્રિકમજીભાઈ ભટ્ટના પત્ની તેમજ બીપીનભાઈ ભટ્ટ, દિવ્યાબેન એન પટેલ (અમદાવાદ) ના માતા તથા મીનાક્ષીબેન બી ભટ્ટના સાસુમા, પ્રીયંકાબેન સિદ્ધાર્થકુમાર જોષી, અવનીબેન શિવાંગકુમાર માંકડ ગાંધીધામ, વૈભવભાઈના દાદીમાંનું તા. ૨૧ ના રોજ દુખદ અવસાન થયું છે ઉઠમણું તા. ૨૩ ને ગુરુવારે સાંજે ૪ થી ૫ કલાકે ચા.મ.કા. મોઢ બ્રાહ્મણની વાડી, ૧૦-૧૧ સાવસર પ્લોટ મોરબી ખાતે રાખેલ છે

**રાજકોટ** શ્રીચંદભાઈ ગાગનદાસ ચંદનાણી તે સ્વ. ભોજરાજમલ ગાગનદાસ ચંદનાણીના નાના ભાઈ તેમજ કિશોરભાઈના મોટાભાઈ, બંટીના પિતાશ્રી તેમજ રામ, શ્યામ, જીતેન્દ્ર અને મહેન્દ્રના કાકાનું તા. ૨૧ ના રોજ દુખદ અવસાન થયું છે પગડીયુ (ઉઠમણું) તા. ૨૩ ને ગુરુવારે સાંજે ૫ કલાકે તેમના નિવાસ સ્થાન સિંધી કોલોની ક્વોટર નંબર ૨૩૦, શંકર ફ્લોર મિલ પાસે રાજકોટ ખાતે રાખેલ છે

**રાજકોટ :** મૂળ વતન ધ્રોલ, હાલ રાજકોટ ગં.સ્વ. હીરાબેન પ્રવિણચંદ્ર દોશી (ઉ.વ. ૬૮), તે સ્વ. શ્રી પ્રવિણચંદ્ર મોહનલાલ દોશીના ધર્મપત્ની, ભાવેશ તથા ભાવિનના માતુશ્રી, વૈશાલીબેનના સાસુ, પ્રસન્ન તથા હેત્વીના દાદીમા, સ્વ. મોહનલાલ ડાહ્યાલાલ શેઠ (જામખંભાળીયા)ના સુપુત્રી, સ્વ. મનહરલાલ શેઠ, કંચનબેન પી. શાહ, સ્વ. મૃદુલાબેન ડી. ગાંધી, જયંતીલાલ શેઠના બહેન તા. ૨૨ના અરિહંત શરણ પામેલ છે. સદ્‌ગતીનું ઉઠમણું તા. ૨૩ને ગુરૂવાર, બપોરે ૪ કલાકે શ્રી ઋષભદેવ જૈન ઉપાશ્રય, ૧-તિરૂપતિનગર, કેન્સર હોસ્પિટલ પાસે, નિર્મલા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

